

દાદાને અર્પણ


માતા-પિતાના ચરણોમાં અર્પણ
“જેમના આશીર્વાદથી સપનાઓને પાંખો મળી,
જેમની પ્રાર્થનાથી દરેક પગલે હિંમત મળી,
જેમના ત્યાગ અને સંસ્કારોએ જીવનને સાચી દિશા આપી—
એવા મારા પૂજનીય માતા-પિતાને
આ પુસ્તક હૃદયપૂર્વક અર્પણ.”
આપના આશીર્વાદ સદા સાથે રહે
મારા જીવનની દરેક સફળતાના પ્રથમ હકદાર
મારા માતા-પિતા.

પ્રસ્તાવના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા આયોજિત Accountant / Sub Auditor (Class-3) ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીમિત્રો માટે આ પુસ્તક વિશેષ પરીક્ષાલક્ષી અભિગમ સાથે તૈયાર કરવામાં આવ્યું છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં માત્ર નામા પદ્ધતિ (Accounting), ઓડિટિંગ (Auditing) કે અર્થશાસ્ત્રનું સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતું નથી, પરંતુ પરીક્ષાના નિર્ધારિત સમયમાં પ્રશ્નોને ઝડપથી સમજવાની, ગણતરીઓ અને વિષયવસ્તુની ચોકસાઈ જાળવવાની, સમયનું યોગ્ય સંચાલન કરવાની તથા સાચો વિકલ્પ પસંદ કરવાની ક્ષમતા અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

GSSSB દ્વારા લેવાતી Accountant / Sub Auditor (Class-3) જેવી ટેકનિકલ અને નાણાકીય બાબતો સાથે સંકળાયેલી પરીક્ષામાં સફળતા મેળવવા માટે મુખ્ય વિષયોની ઊંડી સમજ સાથે સતત પ્રશ્ન પ્રેક્ટિસ અને પરીક્ષાના વાસ્તવિક માહોલનો અનુભવ ખૂબ જ જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તકમાં GSSSBના નવા પરીક્ષા માળખા, નિયત અભ્યાસક્રમ અને સંભવિત પ્રશ્નોના સ્તરને અનુરૂપ 75 પેપર સેટ / પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓ પોતાની તૈયારીનું સ્વ-મૂલ્યાંકન કરી શકે.

આ પુસ્તકમાં વાણિજ્ય (Commerce), નામાના મૂળતત્વો (Accountancy), ઓડિટિંગ, કોર્પોરેટ એકાઉન્ટિંગ, ઇન્કમ ટેક્સ, GST, સંચાલકીય હિસાબો (Management Accounting) તેમજ પરીક્ષાલક્ષી અન્ય વિષયોના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રશ્નોની રચના કરતી વખતે મૂળભૂત સિદ્ધાંતો, પ્રાયોગિક જ્ઞાન (Practical Knowledge) અને તથ્ય આધારિત મુદ્દાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સરળ, મધ્યમ અને કઠિન પ્રશ્નોનું યોગ્ય સંતુલન જાળવીને પ્રશ્નપત્રો ડિઝાઇન કરવામાં આવ્યા છે.

આ પુસ્તકનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની ઝડપ (Speed), ચોકસાઈ (Accuracy) અને સમય વ્યવસ્થાપન (Time Management) ક્ષમતામાં સુધારો કરવાનો છે. નિયમિત રીતે પ્રશ્નો અને પેપર સેટ સોલ્વ કરવાથી વિદ્યાર્થી પોતાની મજબૂત અને નબળી બાબતો ઓળખી શકશે અને જરૂરી વિષયો પર વધુ ધ્યાન આપી શકશે.

અંતમાં, GSSSB Accountant / Sub Auditor (Class-3) ની પરીક્ષા માટે નિષ્ઠાપૂર્વક મહેનત કરી રહેલા તમામ વિદ્યાર્થીમિત્રોને તેમની નિષ્ઠા, પરિશ્રમ અને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ. આ 75 પેપરસેટનું પુસ્તક તેમની પરીક્ષાની અંતિમ તૈયારીમાં વિશ્વસનીય માર્ગદર્શક, અસરકારક પ્રેક્ટિસ સાથી અને સફળતાની યાત્રામાં શ્રેષ્ઠ સહાયક સાબિત થાય તેવી અમારી હાર્દિક શુભેચ્છાઓ.

સંપાદક

- ધવલ મારૂ
- પિનાકીન મારૂ

Design & Edited by

રવિ જામંગ, મેહુલ ઘઘડા, વિધિ ભાલાળા, પ્રિયાંશી અમીપરા, પ્રણવ અમરેલીયા,સદીપ હડીયલ

Telegram | Lakshyam Academy | Online Store | Android | IOS

LAKSHYAM ACADEMY – RAJKOT

Mob: +91 94290 77607, 93278 46308

સંપાદક

ધવલ મારૂ, પિનાકીન મારૂ

Designing & Editing by

રવિ જામંગ, મેહુલ ઘઘડા, વિધિ ભાલાળા, પ્રિયાંશી અમીપરા, પ્રણવ અમરેલીયા,સદીપ હડીયલ

કિંમત(M.R.P) :- ₹ 749/-

આ પુસ્તકના લખાણનો કોઈપણ ભાગ, લેખનશૈલી, રજૂઆત શૈલી, મુદ્દાઓ અને તેની ગોઠવણી વગેરેનો ઈલેક્ટ્રોનિક, યાંત્રિક, ઝેરોક્ષ, પેમ્પલેટ, ટેસ્ટ પેપર, મુદ્રણ કે અન્ય કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ પ્રકાશકની લેખિત પરવાનગી વિના કરવો નહીં. આવુ કૃત્ય ગેરકાયદેસર ગણાશે અને તેમ કરનારની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

ઉપલબ્ધ માહિતીના આધારે આ પુસ્તકને ક્ષતિરહિત બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં સંપાદન અને મુદ્રણ સમયે માનવસહજ ભૂલ કે ચૂકને કારણે કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની કોઈપણ જવાબદારી લેખક કે પ્રકાશકની રહેશે નહીં. આ પુસ્તકનો ઉપયોગ કરવાને કારણે તેમાં થયેલી ભૂલચૂકને કારણે કોઈપણ વ્યક્તિને કદાચ કોઈપણ રીતે નુકસાન કે ક્ષતિ થાય તો તેનું ઉત્તરદાયિત્વ લેખક કે પ્રકાશનનું રહેશે નહીં. આ પુસ્તકનો કોઈપણ જીવિત અથવા મૃત વ્યક્તિ કે વાસ્તવિક ઘટનાઓ સાથે કોઈ સમાનતા કે સંબંધ એ સંયોગ માત્ર છે, તથા તેનો હેતુ કોઈપણ વ્યક્તિ, સમુદાય, સંપ્રદાય, ધર્મ કે ધાર્મિક લાગણીને દુભાવવાનો નથી.
નોંધ: કોઈપણ વિવાદ રાજકોટ ન્યાયક્ષેત્રને આધીન રહેશે.

© All rights reserved by the publishers.

No part of this work covered by the copyright herein may be reproduced, transmitted, stored or used in any form or by any means graphic, electronic or mechanical, including but not limited to photocopying, recording, scanning, digitizing, taping, Web distribution, information networks, or information storage and retrieval systems, without the prior written permission of the publisher.
Although the author and publisher have made every effort to ensure that the information in this book was correct at the time of editing and printing. the author and publisher do not assume and hereby disclaim any liability to any party for any loss or damage arising out of the use of this book caused by errors or omissions, whether such errors or omissions result from negligence, accident or any other cause. Any resemblance to actual persons, living or dead or actual events is purely coincidental and do not intend to hurt sentiments of any individual, community. sect or religion.
Note: Any Dispute will be subject to Rajkot jurisdiction.



INDEX



ક્રમ	વિષયના નામ	પેજ નં
01	GENERAL STUDIES	01 - 62
02	GENERAL MENTAL ABILITY	63 - 90
03	ગુજરાતી વ્યાકરણ	91 - 117
04	ENGLISH GRAMMAR	118 – 147
05	STATSTICS AND MATHEMATICS	148 - 177
06	ECONOMICS AND FINANCIAL ADMINISTRATION	178 - 211
07	MANAGEMENT AND INTERNATIONAL BUSINESS	212 - 245
08	PUBLIC ADMINISTRATION	246 - 280
09	FINANCIAL ACCOUNTING	281 - 313
10	INCOME TAX ACT AND GOODS AND SERVICES TAX (GST)	314 - 346
11	COST AND MANAGEMENT ACCOUNTING	347 - 379
12	ACCOUNTING AND FINANCE COMPUTER APPLICATIONS - TALLY	380 - 410
13	AUDITING -1	411 - 444
14	COMPANY AUDIT	445 - 481

LAKSHYAM
સંકલ્પ થી સફળતા સુધી

01 General Studies -1

TOTAL QUESTION : 100

01. સિંધુ સંસ્કૃતિનું કયું સ્થળ પ્રાચીન ગોદી એટલે કે Dockyard માટે વિશેષ જાણીતું છે?

A. લોથલ
B. રંગપુર
C. સુરકોટડા
D. રોજડી

02. ધોળાવીરા પુરાતત્ત્વીય સ્થળ ગુજરાતના કયા ભૌગોલિક વિસ્તારમાં આવેલું છે?

A. બેટદ્વારકા
B. ભાલપ્રદેશ
C. ખડીરબેટ
D. નળકાંઠા

03. ગુજરાતના ચૌલુક્ય એટલે કે સોલંકી શાસકોની મુખ્ય રાજધાની કઈ હતી?

A. અણહિલવાડ પાટણ
B. ચાંપાનેર
C. જૂનાગઢ
D. કર્ણાવતી

04. પાટણની રાણકી વાવ રાણી ઉદયમતીએ કોની સ્મૃતિમાં બંધાવી હતી?

A. ભીમદેવ પ્રથમ
B. કર્ણદેવ
C. સિદ્ધરાજ જયસિંહ
D. કુમારપાળ

05. મોઢેરાનું સૂર્યમંદિર મુખ્યત્વે કયા રાજાના સમય સાથે સંબંધિત છે?

A. ભીમદેવ પ્રથમ
B. વનરાજ ચાવડા
C. મહમૂદ બેગડો
D. અહમદશાહ પ્રથમ

06. સ્વતંત્ર ગુજરાત સલ્તનતના સ્થાપક તરીકે કોને ઓળખવામાં આવે છે?

A. મુઝફ્ફરશાહ પ્રથમ
B.અહમદશાહપ્રથમ
C. મહમૂદ બેગડો
D.બહાદુરશાહ

07. અમદાવાદ શહેરની સ્થાપના અંગે નીચેના પૈકી કયું જોડકું સાચું છે?

A. મહમૂદ બેગડો, ઈ.સ. 1458
B. મુઝફ્ફરશાહ પ્રથમ, ઈ.સ. 1391
C. બહાદુરશાહ, ઈ.સ. 1526
D. અહમદશાહ પ્રથમ, ઈ.સ. 1411

08. ઈ.સ. 1928ના બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું?

A. મહાત્મા ગાંધી
B. વલ્લભભાઈ પટેલ
C. ઇન્દુલાલ યાજ્ઞિક
D. રવિશંકર મહારાજ

09. ખેડા સત્યાગ્રહનો મુખ્ય મુદ્દો કયો હતો?

A. પાક નિષ્ફળ ગયો હોવા છતાં જમીન મહેસૂલ વસૂલવાનો વિરોધ
B. મીઠા પરના કરનો વિરોધ
C. વિદેશી કાપડના વેચાણનો વિરોધ
D. જંગલના કાયદાનો વિરોધ

10. મહાગુજરાત આંદોલનના મુખ્ય લોકનેતા કોણ હતા?

A. જીવરાજ મહેતા
B. મોરારજી દેસાઈ
C. બળવંતરાય મહેતા
D. ઇન્દુલાલ યાજ્ઞિક

11. ગુજરાત અલગ રાજ્ય તરીકે કઈ તારીખે અસ્તિત્વમાં આવ્યું?

A. 26 જાન્યુઆરી 1950
B. 1 નવેમ્બર 1956
C. 15 ઑગસ્ટ 1947
D. 1 મે 1960

12. નીચેની ઘટનાઓનો પ્રાચીનથી અર્વાચીન સમયક્રમ કયો છે?

1. ખેડા સત્યાગ્રહ **2. બારડોલી સત્યાગ્રહ**
3. દાંડીકૂચ **4. મહાગુજરાત આંદોલન**

A. 2, 1, 3, 4
B. 1, 3, 2, 4
C. 1, 2, 3, 4
D. 3, 1, 2, 4

13. ગુજરાતમાંથી પસાર થતું મહત્વપૂર્ણ અક્ષવૃત્ત કયું છે?

A. વિષુવવૃત્ત
B. મકરવૃત્ત
C. કર્કવૃત્ત
D. ઉત્તર ધ્રુવવૃત્ત

14. ભારતના રાજ્યોમાં સૌથી લાંબો દરિયાકિનારો કયા રાજ્યનો છે?

A. આંધ્ર પ્રદેશ
B. ગુજરાત
C. તમિલનાડુ
D. મહારાષ્ટ્ર

15. ગુજરાતનું સર્વોચ્ચ શિખર કયું છે?

A. પાવાગઢ
B. શેત્રુંજય
C. ગોરખનાથ
D. તારંગા

16. નર્મદા નદી અંતે ક્યાં મળે છે?

A. ખંભાતના અખાતમાં
B. કચ્છના અખાતમાં
C. બંગાળની ખાડીમાં
D. નાના રણમાં

17. સરદાર સરોવર બંધ કઈ નદી પર બાંધવામાં આવ્યો છે?

A. તાપી
B. સાબરમતી
C. મહી
D. નર્મદા

18. ગુજરાતના નાના રણ સાથે સૌથી વધુ સંબંધિત વન્યપ્રાણી કયું છે?

A. એશિયાઈ સિંહ
B. ઘુડખર
C. ચિંકારા
D. કાળિયાર

19. ગુજરાતમાં કપાસના પાક માટે યોગ્ય ગણાતી કાળી જમીનનું એક મુખ્ય લક્ષણ કયું છે?

A. પાણી ધારણ કરવાની ઊંચી ક્ષમતા
B. રેતીનું પ્રમાણ ખૂબ વધારે હોવું
C. હ્યુમસ સંપૂર્ણ ગેરહાજર હોવું
D. માત્ર દરિયાકાંઠે જ જોવા મળવી

20. નીચેના પૈકી નદી અને તેના બંધનું કયું જોડાણ સંપૂર્ણપણે યોગ્ય છે?

A. નર્મદા-ઉકાઈ, તાપી-કડાણા
B. મહી-ધરોઈ, સાબરમતી-સરદાર સરોવર
C. તાપી-ધરોઈ, મહી-ઉકાઈ
D. નર્મદા-સરદાર સરોવર, તાપી-ઉકાઈ, મહી-કડાણા, સાબરમતી-ધરોઈ

LAKSHYAM ACADEMY
સંકલ્પ થી સફળતા સુધી

21. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન મુખ્યત્વે કયા પ્રાણીના કુદરતી નિવાસસ્થાન માટે જાણીતું છે?

A. એકશિંગી ગેંડો
B. બંગાળ વાઘ
C. એશિયાઈ સિંહ
D. હિમદીપડો

22. ભારતનો પ્રથમ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના કયા વિસ્તારમાં આવેલો છે?

A. ખંભાતનો અખાત
B. કચ્છનો અખાત
C. નળ સરોવર
D. કચ્છનું મોટું રણ

23. ગુજરાતનું પ્રથમ Ramsar Site કયું છે?

A. ખીજડિયા પક્ષી અભયારણ્ય
B. થોળ સરોવર
C. નળ સરોવર
D. વઢવાણા તળાવ

24. દીનદયાળ બંદર, જે અગાઉ કંડલા બંદર તરીકે ઓળખાતું હતું, ક્યાં આવેલું છે?

A. ખંભાતના અખાતમાં
B. સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે
C. કચ્છના અખાતમાં
D. નર્મદાના મુખ પર

25. પર્યાવરણમાં ઊર્જાનો પિરામિડ હંમેશા કેવો હોય છે?

A. સીધો
B. ઊંધો
C. બંને પ્રકારનો
D. આકારવિહીન

26. ખાદ્યશૃંખલામાં એક પોષક સ્તરથી બીજા સ્તરે સરેરાશ આશરે 10 ટકા ઊર્જા પહોંચે છે. આ નિયમ કોના નામ સાથે જોડાયેલો છે?

A. ડાર્વિન
B. લિન્ડેમાન
C. મેન્ડેલ
D. ઓડમ

27. ઓઝોનનું સૌથી વધુ સંકેન્દ્રણ વાતાવરણના કયા સ્તરમાં જોવા મળે છે?

A. ક્ષોભમંડળ
B. મધ્યમંડળ
C. આયનમંડળ
D. સમતાપમંડળ

28. Montreal Protocol મુખ્યત્વે કઈ પર્યાવરણીય સમસ્યા સાથે સંબંધિત છે?

A. જૈવવિવિધતાનો ઘટાડો
B. દરિયાઈ પ્રદૂષણ
C. રણપ્રસરણ
D. ઓઝોન સ્તરને નુકસાન કરતી દ્રવ્યોનું નિયંત્રણ

29. Ramsar Convention અંગે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

A. તે માત્ર વન્યપ્રાણીઓના આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંબંધિત છે.
B. તે રણપ્રસરણ રોકવા માટેનો કરાર છે.
C. તે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી આદ્રભૂમિઓના સંરક્ષણ સાથે સંબંધિત છે.
D. તે માત્ર સમુદ્રી પ્રદૂષણને નિયંત્રિત કરે છે.

30. DDT જેવા દૂષકોની સાંદ્રતા ખાદ્યશૃંખલાના ઊંચા પોષક સ્તરે વધતી જાય તેને શું કહેવામાં આવે છે?

A. જૈવવિઘટન
B. પર્યાવરણીય ઉત્તરાધિકાર
C. નાઇટ્રોજન સ્થિરીકરણ
D. જૈવવર્ધન

31. તળાવમાં નાઇટ્રેટ અને ફોસ્ફેટનું પ્રમાણ ખૂબ વધવાથી શેવાળનો અસામાન્ય વિકાસ થાય, તેને શું કહેવાય?

A. જૈવસંચય
B. રણપ્રસરણ
C. સુપોષણ
D. પ્રકાશરાસાયણિક ધુમ્મસ

32. જૈવવિવિધતા Hotspot ઓળખવા માટે નીચેના પૈકી કયું લક્ષણ સૌથી યોગ્ય છે?

A. મોટી સંખ્યામાં સ્થાનિક પ્રજાતિઓ હોવી અને નિવાસસ્થાનનો ભારે નાશ થયો હોવો
B. માત્ર વિશાળ વિસ્તાર ધરાવતો રણપ્રદેશ હોવો
C. માનવવસ્તી સંપૂર્ણ ગેરહાજર હોવી
D. માત્ર વધુ વરસાદ પડતો હોવો

33. IUCN Red Listમાં કઈ શ્રેણી લુપ્ત થવાના અત્યંત ઊંચા જોખમને દર્શાવે છે?

A. Near Threatened
B. Least Concern
C. Critically Endangered
D. Data Deficient

34. Mangrove વનસ્પતિનું કયું અનુકૂલન તેને દરિયાકાંઠાના ખારા વિસ્તારમાં ટકી રહેવામાં મદદ કરે છે?

A. ખારાશ સહન કરવાની ક્ષમતા
B. પાંદડાં સંપૂર્ણ ગેરહાજર હોવા
C. માત્ર શુદ્ધ મીઠાં પાણીમાં વૃદ્ધિ
D. અત્યંત ઠંડા પ્રદેશમાં જ ઉગવું

35. 42મા બંધારણીય સુધારાથી આમુખમાં કયા શબ્દો ઉમેરવામાં આવ્યા?

A. ન્યાય, સ્વતંત્રતા અને સમાનતા
B. સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને અખંડિતતા
C. પ્રજાસત્તાક અને લોકશાહી
D. બંધુતા અને વ્યક્તિનું ગૌરવ

36. "કાયદા સમક્ષ સમાનતા" અને "કાયદાનું સમાન સંરક્ષણ" કઈ કલમ માં આપવામાં આવ્યું છે?

A. કલમ 12
B. કલમ 13
C. કલમ 14
D. કલમ 16

37. નીચેના પૈકી કયો મૂળભૂત અધિકાર માત્ર ભારતીય નાગરિકોને ઉપલબ્ધ છે?

A. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર
B. ધરપકડ સામેનું રક્ષણ
C. કલમ 19 હેઠળની સ્વતંત્રતાઓ
D. ધર્મની સ્વતંત્રતા

38. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણની જોગવાઈ કઈ કલમમાં છે?

A. કલમ 18
B. કલમ 20
C. કલમ 22
D. કલમ 21

39. મૂળભૂત અધિકારના અમલ માટે સીધા સર્વોચ્ચ ન્યાયાલયમાં જવાનો અધિકાર કઈ કલમ આપે છે?

A. કલમ 30
B. કલમ 32
C. કલમ 136
D. કલમ 226

11 General Mental Ability -1

TOTAL QUESTION : 100

01. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 3, 8, 15, 24, 35, ?

A. 48 B. 46

C. 50 D. 52

02. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 2, 6, 12, 20, 30, ?

A. 38 B. 40

C. 42 D. 44

03. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 81, 27, 9, 3, ?

A. 0 B. 1

C. 2 D. 3

04. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 5, 10, 20, 35, 55, ?

A. 80 B. 75

C. 85 D. 90

05. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 1, 4, 10, 22, 46, ?

A. 90 B. 92

C. 94 D. 96

06. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 7, 14, 12, 24, 22, 44,?

A. 40 B. 46

C. 48 D. 42

07. સંખ્યાશ્રેણીમાં ખૂટતી સંખ્યા શોધોઃ 2, 3, 5, 8, 13, 21, ?

A. 31 B. 32

C. 34 D. 35

08. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 100, 96, 88, 76, 60, ?

A. 32 B. 36

C. 44 D. 40

09. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 4, 9, 19, 39, 79, ?

A. 149 B. 157

C. 161 D. 159

10. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 1, 8, 27, 64, 125, ?

A. 216 B. 196

C. 225 D. 256

11. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 11, 13, 17, 23, 31, ?

A. 39 B. 41

C. 43 D. 47

12. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 3, 6, 18, 72, 360, ?

A. 1,440 B. 1,800

C. 2,160 D. 2,520

13. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 64, 32, 16, 8, 4, ?

A. 2 B. 1

C. 3 D. 0

14. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 6, 11, 21, 41, 81, ?

A. 151 B. 159

C. 163 D. 161

15. સંખ્યાશ્રેણીમાં આગળની સંખ્યા શોધોઃ 2, 10, 30, 68, 130, ?

A. 222 B. 210

C. 216 D. 226

16. અંગ્રેજી મૂળાક્ષરની શ્રેણીમાં આગળનો અક્ષર શોધોઃ A, C, F, J, O, ?

A. T B. U

C. V D. W

17. અંગ્રેજી મૂળાક્ષરની શ્રેણીમાં આગળનો અક્ષર શોધોઃ Z, W, S, N, H, ?

A. A B. B

C. C D. D

18. અક્ષરયુગ્મની શ્રેણીમાં આગળનું યુગ્મ શોધોઃ AB, DE, HI, MN, ?

A. QR B. RS

C. TU D. ST

19. અક્ષરયુગ્મની શ્રેણીમાં આગળનું યુગ્મ શોધોઃ AZ, BY, CX, DW, ?

A. EV B. EU

C. FV D. EW

20. નીચેમાંથી જુદું અક્ષરજૂથ શોધો.

A. ACEG B. BDFH

C. CEGJ D. DFHJ

21. BOOK : READ :: FOOD : ?

A. COOK B. EAT

C. SERVE D. BUY

22. 8 : 64 :: 12 : ?

A. 124 B. 144

C. 132 D. 156

23. પક્ષી : માળો :: સિંહ : ?

A. જંગલ B. પાંજરું

C. ગુફા D. વૃક્ષ

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

24. કલમ : લેખક :: પીંછી : ?

A. સંગીતકાર B. ચિત્રકાર
C. શિલ્પકાર D. અભિનેતા

25. નીચેમાંથી જુદી સંખ્યા શોધો.

A. 63 B. 16
C. 25 D. 49

26. જો CATને DBU તરીકે લખવામાં આવે, તો DOGને કેવી રીતે લખવામાં આવશે?

A. DPH B. FQI
C. EPH D. EOG

27. જો વિપરીત મૂળાક્ષર સંકેતમાં A = Z, B = Y, C = X વગેરે હોય, તો CODEનો સંકેત કયો થશે?

A. XLOW B. WLVX
C. XMVW D. XLWV

28. જો RAINને SBJO લખવામાં આવે, તો CLOUDને કેવી રીતે લખવામાં આવશે?

A. DNQWF B. CMPVE
C. DMPVF D. DMPVE

29. એક સંકેતમાં SOUTH = 12345 અને NORTH = 62745 હોય, તો HORNનો સંકેત કયો થશે?

A. 5276 B. 5267
C. 5726 D. 7256

30. એક સાંકેતિક ભાષામાં 'red apple sweet'ને 'ka mi zo' અને 'apple is fresh'ને 'mi tu pa' લખવામાં આવે છે. 'apple'નો સંકેત કયો છે?

A. ka B. zo
C. mi D. pa

31. એક સાંકેતિક ભાષામાં 'go and come'ને 'pi na ro' અને 'come here now'ને 'ro su ti' લખવામાં આવે છે. 'come'નો સંકેત કયો છે?

A. pi B. na
C. ro D. su

32. જો A = 1, B = 2, C = 3, ... હોય, તો CABના અક્ષરોના મૂલ્યોનો સરવાળો કેટલો થશે?

A. 8 B. 7
C. 5 D. 6

33. જો ROADને URDG લખવામાં આવે, તો MILKને કેવી રીતે લખવામાં આવશે?

A. PLON B. OLNM
C. PJMN D. QMON

34. TRAIN શબ્દના અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરના ક્રમમાં ગોઠવવામાં આવે તો યોગ્ય ક્રમ કયો થશે?

A. AIRNT B. AINRT
C. ANIRT D. AITNR

35. જો TABLEને ELBAT લખવામાં આવે, તો CHAIRને કેવી રીતે લખવામાં આવશે?

A. RIAHC B. RIACH
C. RIHAC D. RAIHC

36. એક પુરુષે કહ્યું, "B મારા પિતાના એકમાત્ર પુત્રની પુત્રી છે." Bનો તે પુરુષ સાથે શું સંબંધ છે?

A. બહેન B. ભત્રીજી
C. પૌત્રી D. પુત્રી

37. P એ Qની માતા છે અને R એ Pના પિતા છે. Rનો Q સાથે શું સંબંધ છે?

A. પિતામહ B. મામા
C. માતામહ D. ભાઈ

38. X એ Yની બહેન છે અને Y એ Zનો પતિ છે. Xનો Z સાથે શું સંબંધ છે?

A. માતા B. નણંદ
C. પુત્રી D. ભાભી

39. એક પુરુષે એક સ્ત્રી તરફ સંકેત કરીને કહ્યું, "તે મારી માતાના એકમાત્ર પુત્રની પત્ની છે." તે સ્ત્રીનો પુરુષ સાથે શું સંબંધ છે?

A. બહેન B. પત્ની
C. ભાભી D. માતા

40. A એ Bનો પિતા છે, C એ Aની માતા છે અને D એ Bનો ભાઈ છે. Cનો D સાથે શું સંબંધ છે?

A. દાદી B. નાની
C. ફોઈ D. માતા

41. એક વ્યક્તિ પૂર્વ દિશામાં 10 મીટર ચાલે છે, પછી ઉત્તર દિશામાં 6 મીટર અને ત્યારબાદ પશ્ચિમ દિશામાં 10 મીટર ચાલે છે. તે પ્રારંભિક સ્થાનથી ક્યાં હશે?

A. 10 મીટર પૂર્વમાં B. 6 મીટર દક્ષિણમાં
C. 10 મીટર પશ્ચિમમાં D. 6 મીટર ઉત્તરમાં

42. એક વ્યક્તિ ઉત્તર તરફ 8 મીટર ચાલે છે. પછી જમણે વળી 6 મીટર અને ફરી જમણે વળી 8 મીટર ચાલે છે. તે પ્રારંભિક સ્થાનથી ક્યાં છે?

A. 8 મીટર ઉત્તરમાં B. 6 મીટર પશ્ચિમમાં
C. 8 મીટર દક્ષિણમાં D. 6 મીટર પૂર્વમાં

43. એક વ્યક્તિ 5 કિમી પૂર્વમાં, 4 કિમી દક્ષિણમાં અને પછી 5 કિમી પશ્ચિમમાં ચાલે છે. તે પ્રારંભિક સ્થાનથી ક્યાં હશે?

A. 4 કિમી ઉત્તરમાં B. 5 કિમી પૂર્વમાં
C. 4 કિમી દક્ષિણમાં D. 5 કિમી પશ્ચિમમાં

44. એક વ્યક્તિ પશ્ચિમ તરફ મોં રાખીને ઊભી છે. તે ડાબે વળે, ફરી ડાબે વળે અને પછી જમણે વળે છે. હવે તેનું મોં કઈ દિશામાં છે?

A. દક્ષિણ B. ઉત્તર
C. પૂર્વ D. પશ્ચિમ

LAKSHYAM ACADEMY — સંકલ્પ થી સફળતા સુધી —

16 ગુજરાતી વ્યાકરણ -1

TOTAL QUESTION : 100

01. 'પાવક' શબ્દનો સમાનાર્થી કયો છે?

A. પવન B. પાણી
C. અગ્નિ D. પ્રકાશ

02. 'નિશાકર' શબ્દનો સમાનાર્થી કયો છે?

A. ચંદ્ર B. સૂર્ય
C. અગ્નિ D. સમુદ્ર

03. 'સમીર' શબ્દનો યોગ્ય સમાનાર્થી પસંદ કરો.

A. વરસાદ B. કિરણ
C. વાદળ D. પવન

04. 'વસુધા' શબ્દનો અર્થ કયો થાય છે?

A. આકાશ B. પૃથ્વી
C. નદી D. વનરાજિ

05. 'લોચન'નો સમાનાર્થી કયો છે?

A. કાન B. આંખ
C. મુખ D. કપાળ

06. 'કાનન'નો યોગ્ય સમાનાર્થી પસંદ કરો.

A. પર્વત B. મેદાન
C. ઉપવન D. વન

07. 'અંબુ' શબ્દનો અર્થ કયો છે?

A. જળ B. આકાશ
C. તેજ D. અમૃત

08. 'દિનકર'નો સમાનાર્થી કયો છે?

A. પવન B. ચંદ્ર
C. સૂર્ય D. દિવસ

09. 'ભુજંગ' શબ્દનો સમાનાર્થી કયો છે?

A. હાથી B. વાઘ
C. મગર D. સર્પ

10. 'અર્ણવ'નો યોગ્ય સમાનાર્થી કયો છે?

A. સમુદ્ર B. પર્વત
C. આકાશ D. સરોવર

11. 'અર્વાચીન'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. આધુનિક B. પ્રાચીન
C. વર્તમાન D. સમકાલીન

12. 'ઉન્નતિ'નો વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો.

A. પ્રગતિ B. અધોગતિ
C. અવનતિ D. દુર્ગતિ

13. 'કૃત્રિમ'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. પ્રાકૃતિક B. કાલ્પનિક
C. માનવનિર્મિત D. બનાવટી

14. 'નિંદા'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. ટીકા B. પ્રશંસા
C. ચર્ચા D. સ્તુતિ

15. 'લઘુ'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. સૂક્ષ્મ B. વિશાળ
C. ગુરુ D. દીર્ઘ

16. 'સજીવ'નો વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો.

A. નિષ્ક્રિય B. નિર્જીવ
C. મૃત D. સ્થિર

17. 'સ્વકીય'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. સ્વદેશી B. અંગત
C. આત્મીય D. પરકીય

18. 'સાનુકૂળ'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. પ્રતિકૂળ B. અનુકૂળ
C. અસમાન D. નિષ્પક્ષ

19. 'કૃતજ્ઞ'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. નિર્દય B. કૃતઘ્ન
C. અજ્ઞાની D. નિષ્ઠુર

20. 'ક્ષણિક'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

A. અસ્થિર B. તાત્કાલિક
C. શાશ્વત D. અલ્પજીવી

21. 'જે પોતાના પર થયેલો ઉપકાર માને છે' તેના માટે કયો એક શબ્દ યોગ્ય છે?

A. ઉદાર B. પરોપકારી
C. વિશ્વાસુ D. કૃતજ્ઞ

22. 'જેનું શબ્દોમાં વર્ણન થઈ શકે નહીં' તેના માટે કયો શબ્દ વપરાય?

A. અનિવાર્ય B. અવર્ણનીય
C. અદૃશ્ય D. અનુલ્લંઘનીય

23. 'જે કદી મૃત્યુ ન પામે' તેના માટે કયો શબ્દ યોગ્ય છે?

A. અજય B. અજન્મા
C. અમર D. અવિનાશી

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

24. 'જેને જીતી શકાય નહીં' તેના માટે એક શબ્દ આપો.

A. અજેય B. અદમ્ય
C. અચળ D. અભેદ્ય

25. 'જે બધું જાણે છે' તેના માટે કયો શબ્દ વપરાય?

A. સર્વજ્ઞ B. જ્ઞાનવાન
C. બહુશ્રુત D. તત્ત્વજ્ઞ

26. 'જે બીજાના દોષ શોધ્યા કરે' તેના માટે યોગ્ય શબ્દ કયો છે?

A. ટીકાકાર B. નિંદક
C. દોષિત D. છિદ્રાન્વેષી

27. 'જે બહુ ઓછું બોલે' તેના માટે કયો શબ્દ યોગ્ય છે?

A. મૃદુભાષી B. મિતભાષી
C. વાચાળ D. મૂક

28. 'જેનો કોઈ શત્રુ જન્મ્યો નથી' તેના માટે કયો શબ્દ વપરાય?

A. નિર્વૈર B. મિત્રવત્સલ
C. અજાતશત્રુ D. અવિરોધી

29. 'જે અગાઉ કદી બન્યું ન હોય' તેના માટે યોગ્ય શબ્દ કયો છે?

A. અસંભવિત B. અપૂર્વ
C. અણધાર્યું D. અભૂતપૂર્વ

30. 'ઈશ્વરના અસ્તિત્વમાં માનનાર' માટે કયો શબ્દ વપરાય?

A. ધાર્મિક B. આસ્તિક
C. આધ્યાત્મિક D. ઈશ્વરવાદી

31. નીચેના પૈકી કઈ જોડણી સાચી છે?

A. પરિસ્થીતિ B. પરીસ્તિતિ
C. પરિસ્થિતિ D. પરિસ્થીતી

32. શુદ્ધ જોડણી પસંદ કરો.

A. સ્વાભાવિક B. સ્વભાવિક
C. સ્વાભાવીક D. સ્વભાવીક

33. સાચી જોડણી કઈ છે?

A. નિરપેક્ષ્ય B. નિરપેક્ષ
C. નિરપેક્ષક D. નિરપેક્ષ

34. નીચેના પૈકી શુદ્ધ જોડણીવાળો શબ્દ કયો છે?

A. કૃતઘ્ન B. કૃતજ્ઞ્ય
C. કૃતજ્ઞા D. કૃતજ્ઞ

35. યોગ્ય જોડણી પસંદ કરો.

A. જિજ્ઞાસા B. જીજ્ઞાસા
C. જિજ્ઞાશા D. જીજ્ઞાશા

36. કઈ જોડણી પ્રમાણભૂત છે?

A. પ્રતિષ્ઠા B. પ્રતિષ્ઠાં
C. પ્રતિષ્ઠા D. પ્રતીષ્ઠા

37. શુદ્ધ જોડણી કઈ છે?

A. તાત્કાલીક B. તાતકાલિક
C. તત્કાલીક D. તાત્કાલિક

38. નીચેના પૈકી સાચી જોડણી કઈ છે?

A. આશિર્વાદ B. આશીર્વાદ
C. આર્શીવાદ D. આશીર્વાધ

39. યોગ્ય જોડણીવાળો શબ્દ પસંદ કરો.

A. પૃથકરણ B. પૃથક્કરન
C. પૃથક્કરણ D. પૃથકકરણ

40. નીચેના પૈકી શુદ્ધ જોડણી કઈ છે?

A. પ્રાસંગિક B. પ્રાસંગીક
C. પ્રાસગીક D. પ્રાસંગીક્

41. પદસંવાદની દ્રષ્ટિએ શુદ્ધ વાક્ય કયું છે?

A. દરેક વિદ્યાર્થીઓએ પોતાનો કાર્ય કરવો જોઈએ.
B. દરેક વિદ્યાર્થીએ પોતાનું કાર્ય કરવા જોઈએ છે.
C. દરેક વિદ્યાર્થીઓ પોતાનું કાર્ય કરવું જોઈએ.
D. દરેક વિદ્યાર્થીએ પોતાનું કાર્ય સમયસર પૂરું કરવું જોઈએ.

42. નીચેના પૈકી ભાષાશુદ્ધ વાક્ય કયું છે?

A. આ સમાચાર સંપૂર્ણપણે સાચું છે.
B. આ સમાચાર સંપૂર્ણપણે સાચી છે.
C. આ સમાચાર સંપૂર્ણપણે સાચા છે.
D. આ સમાચાર સંપૂર્ણપણે સાચો છે.

43. યોગ્ય પદસંવાદ ધરાવતું વાક્ય પસંદ કરો.

A. મને બે પુસ્તકો જોઈએ છે. B. મને બે પુસ્તકો જોઈએ છું.
C. મારે બે પુસ્તક જોઈએ છીએ. D. મને બે પુસ્તકો જોઈએ છેં.

44. નીચેના પૈકી શુદ્ધ વાક્ય કયું છે?

A. છોકરીઓ મેદાનમાં રમતો હતો.
B. છોકરીઓ મેદાનમાં રમતી હતી.
C. છોકરીઓ મેદાનમાં રમતો હતાં.
D. છોકરીઓ મેદાનમાં રમતી હતો.

45. પદસંવાદની દ્રષ્ટિએ યોગ્ય વાક્ય પસંદ કરો.

A. રમેશ અને મહેશ શાળાએ ગયો હતો.
B. રમેશ અને મહેશ શાળાએ ગયા હતા.
C. રમેશ અને મહેશ શાળાએ ગઈ હતી.
D. રમેશ અને મહેશ શાળાએ ગયાં હતી.

46. ભાષાશુદ્ધ વાક્ય કયું છે?

A. મારે આજે વહેલું ઘરે જવાનું છે.
B. મને આજે વહેલું ઘરે જવાના છે.
C. મારે આજે વહેલી ઘરે જવાનું છે.
D. મારે આજે વહેલું ઘરે જવું છું.

47. નીચેના પૈકી યોગ્ય વાક્ય કયું છે?

A. એક પણ ઉમેદવારો હાજર ન હતા.
B. એક પણ ઉમેદવાર હાજર ન હતાં.
C. એક પણ ઉમેદવાર હાજર નહોતો.
D. એક પણ ઉમેદવારો હાજર નહોતો.

21 English Grammar -1

TOTAL QUESTION : 100

01. Identify the part of speech of the underlined word:
"The committee found the proposal surprisingly practical."
A. Adjective B. Adverb
C. Conjunction D. Preposition

02. Identify the part of speech of "utterly":
"What he said was utterly absurd."
A. Pronoun B. Adjective
C. Adverb D. Conjunction

03. Identify the grammatical use of "poor":
"The poor deserve equal opportunities."
A. Adjective used as a noun B. Abstract noun
C. Demonstrative adjective D. Adverb of manner

04. Identify the part of speech of "but":
"He is but a child."
A. Conjunction B. Preposition
C. Pronoun D. Adverb

05. Identify the part of speech of "after":
"We discussed the matter after the meeting."
A. Preposition B. Conjunction
C. Adverb D. Adjective

06. Identify the part of speech of "calm":
"She looked calm despite the confusion."
A. Adjective B. Adverb
C. Noun D. Verb

07. Identify the grammatical category of "neither":
"Neither answer is correct."
A. Distributive determiner B. Personal pronoun
C. Relative pronoun D. Adverb of negation

08. Which part of speech is "Alas" in the sentence below?
"Alas! The opportunity has been lost."
A. Conjunction B. Interjection
C. Adjective D. Adverb

09. Identify the grammatical form of "walking":
"Walking along the road, he noticed an abandoned bag."
A. Gerund B. Verbal noun
C. Finite verb D. Present participle

10. Identify the grammatical category of "little":
"There is little hope of his recovery."
A. Pronoun B. Adverb
C. Conjunction D. Quantitative adjective

11. Identify the use of "then":
"The then chairman opposed the proposal."
A. Adverb B. Adjective
C. Conjunction D. Pronoun

12. Identify the part of speech of "low":
"He spoke in a low voice."
A. Adjective B. Adverb
C. Noun D. Preposition

13. Identify the part of speech of "since":
"Since you insist, I shall reconsider the proposal."
A. Subordinating conjunction B. Preposition
C. Adverb D. Relative pronoun

14. Identify the part of speech of "abroad":
"He went abroad for higher studies."
A. Adjective B. Preposition
C. Adverb D. Noun

15. Identify the grammatical function of "enough":
"There is enough food for everyone."
A. Pronoun B. Quantitative adjective
C. Adverb D. Conjunction

16. By next June, she _____ in this institution for ten years.
A. will work B. will be working
C. will have been working D. has been working

17. When I reached the station, the train _____.
A. had already left B. already left
C. has already left D. was already leaving

18. I wish I _____ the correct answer.
A. know B. knew
C. had known now D. would know

19. If he _____ earlier, he would have caught the bus.
A. left B. would leave
C. had left D. has left

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

20. Choose the grammatically correct sentence.

A. Hardly he had entered when the lights went out.

B. Hardly had he entered than the lights went out.

C. Hardly did he enter than the lights had gone out.

D. Hardly had he entered when the lights went out.

21. This is the first time I _____ such a remarkable performance.

A. have seen B. had seen

C. saw D. am seeing

22. He said that he _____ for the bus for nearly an hour.

A. waited B. has been waiting

C. had been waiting D. was waited

23. At this time tomorrow, we _____ over the Arabian Sea.

A. will be flying B. will have flown

C. are flying D. have been flying

24. Choose the correct sentence.

A. No sooner the bell rang when the students rushed out.

B. No sooner had the bell rung when the students rushed out.

C. No sooner did the bell ring than the students had rushed out.

D. No sooner had the bell rung than the students rushed out.

25. She usually walks to work, but today she _____ the bus.

A. is taking B. takes

C. has taken usually D. had been taking

26. I would rather you _____ the matter confidential.

A. keep B. will keep

C. have kept D. kept

27. By the time the doctor arrived, the patient _____.

A. died B. had died

C. has died D. was dying already

28. She _____ three letters since morning.

A. wrote B. had written

C. has written D. is writing

29. If it rains tomorrow, the match _____.

A. would be cancelled B. will be cancelled

C. would have been cancelled D. had been cancelled

30. She _____ for two hours before her friend arrived.

A. had been reading B. has been reading

C. was reading D. would be reading

31. You _____ have informed me about the delay; I was extremely worried.

A. can B. might

C. should D. will

32. _____ you mind closing the window?

A. Should B. Could

C. Would D. Might

33. He _____ be at home; the lights are off and his car is not outside.

A. must B. should

C. ought to D. cannot

34. Every citizen _____ respect the laws of the country.

A. might B. must

C. could D. would

35. When I was younger, I _____ swim across this river.

A. may B. should

C. could D. must

36. You _____ not smoke in this area; it is strictly prohibited.

A. need B. must

C. would D. dare

37. _____ I borrow your dictionary for a few minutes?

A. Must B. Need

C. Ought D. May

38. The train _____ arrive at six, but it is often late.

A. must B. would rather

C. is supposed to D. used to

39. You _____ have bought more milk; there was already plenty in the refrigerator.

A. must not B. could not

C. need not D. should not

40. If you want to succeed, you _____ work consistently.

A. might B. would

C. could D. must

41. He is _____ honest officer and _____ useful member of the committee.

A. a, an B. an, a

C. the, an D. an, the

42. Choose the correct use of articles.

A. Mount Everest is the highest peak in the world.

B. The Mount Everest is a highest peak in world.

C. Mount Everest is highest peak in a world.

D. The Mount Everest is the highest peak in world.

43. She can play _____ violin remarkably well.

A. a B. an

C. the D. no article

44. He was elected _____ chairman of the committee.

A. no article B. a

C. an D. the

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

26 Statistics and Mathematics -1

TOTAL QUESTION : 100

01. કોઈ અભ્યાસ માટે સંશોધક ઉત્તરદાતાઓ પાસેથી પ્રશ્નાવલી દ્વારા સીધી માહિતી મેળવે, તો તે માહિતી કયા પ્રકારની ગણાય?

A. ગૌણ માહિતી
B. વર્ગીકૃત માહિતી
C. પ્રકાશિત માહિતી
D. પ્રાથમિક માહિતી

02. નીચેના પૈકી કયું ચલ Nominal Scale પર માપવામાં આવે છે?

A. આવકનું સ્તર
B. રક્તસમૂહ
C. પરીક્ષામાં મેળવેલો ક્રમ
D. તાપમાન

03. અસમાન વર્ગલંબાઈ ધરાવતા આવૃત્તિ-વિતરણમાં Histogram બનાવવા માટે લંબચોરસની ઊંચાઈ કયા આધારે નક્કી કરવામાં આવે છે?

A. આવૃત્તિ-ઘનતા
B. સાપેક્ષ આવૃત્તિ
C. સંચિત આવૃત્તિ
D. મધ્યબિંદુ

04. 'Less than Ogive' તૈયાર કરતી વખતે કયા મૂલ્યોનો ઉપયોગ થાય છે?

A. વર્ગના નીચલા છેડા અને સાદી આવૃત્તિ
B. વર્ગના મધ્યબિંદુ અને સાપેક્ષ આવૃત્તિ
C. વર્ગના ઉપલા છેડા અને સંચિત આવૃત્તિ
D. વર્ગલંબાઈ અને આવૃત્તિ-ઘનતા

05. અસમાન વર્ગલંબાઈ ધરાવતા બે વર્ગોની Histogram માં યોગ્ય સરખામણી કરવા માટે આવૃત્તિને શેના વડે ભાગવી જોઈએ?

A. વર્ગના મધ્યબિંદુ વડે
B. વર્ગલંબાઈ વડે
C. કુલ આવૃત્તિ વડે
D. સંચિત આવૃત્તિ વડે

06. જુદા એકમો અથવા જુદી સરેરાશ ધરાવતી બે શ્રેણીની અસ્થિરતા સરખાવવા માટે કયું માપ વધુ યોગ્ય છે?

A. પ્રમાણભૂત વિચલન
B. વિચરણાંક
C. સરેરાશ વિચલન
D. ચતુર્થક વિચલન

07. 12, 15, 18, 20 અને 25 નું અંકગણિતીય મધ્યક કેટલું છે?

A. 17
B. 17.5
C. 18
D. 18.5

08. 4, 7, 9, 11, 15 અને 18 નો મધ્યસ્થ કેટલો છે?

A. 9
B. 9.5
C. 11
D. 10

09. કોઈ વિતરણનું મધ્યક 26 અને મધ્યસ્થ 29 હોય, તો પ્રાયોગિક સંબંધ પ્રમાણે બહુલક કેટલો થશે?

A. 32
B. 33
C. 35
D. 37

10. 10, 20 અને 30 મૂલ્યોને અનુક્રમે 2, 3 અને 5 ભાર આપવામાં આવ્યા છે. તેમનું ભારિત મધ્યક કેટલું થશે?

A. 20
B. 21
C. 22
D. 23

11. 40 કર્મચારીઓના પગારનું સરેરાશ ₹52 હજાર અને અન્ય 60 કર્મચારીઓના પગારનું સરેરાશ ₹48 હજાર છે. તમામ કર્મચારીઓનો સંયુક્ત સરેરાશ પગાર કેટલો?

A. ₹49.6 હજાર
B. ₹49.8 હજાર
C. ₹50 હજાર
D. ₹50.4 હજાર

12. કોઈ શ્રેણીના x મૂલ્યોનું મધ્યક 12 છે. દરેક મૂલ્યનું $y=3x-4$ રૂપાંતરણ કરવામાં આવે, તો y નું મધ્યક કેટલું થશે?

A. 30
B. 32
C. 34
D. 36

13. 4 અને 16નો ગુણોત્તર મધ્યક કેટલો છે?

A. 6
B. 8
C. 10
D. 12

14. 12 અને 18નો હરાત્મક મધ્યક કેટલો છે?

A. 13.2
B. 13.5
C. 14.4
D. 15

15. 50 અવલોકનોનું મધ્યક 40 ગણાયું હતું. પાછળથી જાણવા મળ્યું કે 36 ને બદલે 63 લેવામાં આવ્યું હતું. સાચું મધ્યક કેટલું?

A. 39.46
B. 39.54
C. 40.46
D. 40.54

16. કોઈ શ્રેણીનું મહત્તમ મૂલ્ય 80 અને લઘુતમ મૂલ્ય 20 છે. Rangeનો ગુણાંક કેટલો થશે?

A. 0.50
B. 0.60
C. 0.75
D. 1.00

17. 2, 4, 6, 8 અને 10 નું વિચરણ કેટલું છે?

A. 6
B. 7
C. 8
D. 10

18. શ્રેણીના દરેક મૂલ્યમાં 7 ઉમેરવામાં આવે, તો તેના પ્રમાણભૂત વિચલન પર શું અસર થશે?

A. કોઈ ફેરફાર નહીં થાય
B. 7નો વધારો થશે
C. 49નો વધારો થશે
D. પ્રમાણભૂત વિચલન બમણું થશે

19. કોઈ ચલનું પ્રમાણભૂત વિચલન 6 છે. તેના દરેક મૂલ્યને -3વડે ગુણવામાં આવે, તો નવા ચલનું પ્રમાણભૂત વિચલન કેટલું?

A. 9 B. 18
C. −18 D. 54

20. કોઈ શ્રેણીનું મધ્યક 50 અને પ્રમાણભૂત વિચલન 5 છે. વિચરણાંક કેટલો થશે?

A. 5% B. 8%
C. 10% D. 20%

21. પ્રથમ ચતુર્થક 24 અને તૃતીય ચતુર્થક 40 હોય, તો ચતુર્થક વિચલન કેટલું?

A. 6 B. 8
C. 12 D. 16

22. કોઈ ચલ માટે મધ્યક 10 અને વિચરણ 25 છે. $E(X^2)$ કેટલું હશે?

A. 75 B. 100
C. 115 D. 125

23. સમાન મધ્યક અને પ્રત્યેકમાં 20 અવલોકનો ધરાવતા બે જૂથોનાં વિચરણ અનુક્રમે 9 અને 16 છે. સંયુક્ત જૂથનું વિચરણ કેટલું?

A. 12.5 B. 13
C. 15 D. 25

24. સમગ્ર સમષ્ટિને સમાન લક્ષણ ધરાવતા સ્તરોમાં વહેંચી દરેક સ્તરમાંથી યાદચ્છિક નિદર્શન લેવામાં આવે, તો તે કઈ પદ્ધતિ છે?

A. ગુચ્છ નિદર્શન B. પદ્ધતિસર નિદર્શન
C. સ્તરીકૃત નિદર્શન D. સુવિધાજન્ય નિદર્શન

25. યાદીમાંથી યાદચ્છિક શરૂઆત કર્યા પછી દરેક k મા એકમને પસંદ કરવાની પદ્ધતિ કઈ છે?

A. પદ્ધતિસર નિદર્શન B. સ્તરીકૃત નિદર્શન
C. બહુસ્તરીય નિદર્શન D. હેતુલક્ષી નિદર્શન

26. સમષ્ટિને કુદરતી જૂથોમાં વહેંચીને કેટલાક જૂથો પસંદ કરવામાં આવે અને પસંદ થયેલા જૂથોના બધા એકમોનો અભ્યાસ થાય, તો તે શું કહેવાય ?

A. ક્વોટા નિદર્શન B. સ્તરીકૃત નિદર્શન
C. ગુચ્છ નિદર્શન D. ક્રમિક નિદર્શન

27. જે યાદીમાંથી નિદર્શનના એકમોની પસંદગી કરવામાં આવે છે, તેને શું કહેવાય?

A. નિદર્શન ગુણોત્તર B. નિદર્શન માળખું
C. સમષ્ટિ પરિમાણ D. નિદર્શન ભૂલ

28. સરળ યાદચ્છિક નિદર્શનનું મુખ્ય લક્ષણ કયું છે?

A. દરેક એકમને પસંદ થવાની સમાન સંભાવના હોય છે
B. દરેક સ્તરમાંથી સમાન સંખ્યામાં એકમ લેવાય છે
C. માત્ર સમાન લક્ષણ ધરાવતા એકમો પસંદ થાય છે
D. સંશોધક પોતાની પસંદગીથી એકમો નક્કી કરે છે

29. નીચેના પૈકી કઈ ભૂલ માત્ર નિદર્શનનું કદ વધારવાથી અનિવાર્ય રીતે ઘટતી નથી?

A. પ્રમાણભૂત ભૂલ B. બિનનિદર્શન ભૂલ
C. યાદચ્છિક નિદર્શન ભૂલ D. મધ્યકની નિદર્શન ભૂલ

30. બે નિષ્પક્ષ પાસા એકસાથે ફેંકવામાં આવે, તો સરવાળો 8 થવાની સંભાવના કેટલી?

A. $1/6$ B. $5/36$
C. $1/9$ D. $7/36$

31. ત્રણ નિષ્પક્ષ સિક્કા ઉછાળવામાં આવે, તો ઓછામાં ઓછો એક છાપ મળવાની સંભાવના કેટલી?

A. $7/8$ B. ¾
C. $5/8$ D. $1/2$

32. એક થેલીમાં 5 લાલ અને 3 વાદળી દડા છે. પુનઃસ્થાપન કર્યા વિના બે દડા કાઢવામાં આવે, તો બંને લાલ હોવાની સંભાવના કેટલી?

A. $5/14$ B. $5/16$
C. $10/21$ D. $25/64$

33. $P(A) = 0.6$, $P(B) = 0.5$ અને $P(A \cap B) = 0.3$ હોય, તો $P(A \cup B)$ કેટલું?

A. 0.7 B. 0.8
C. 0.9 D. 1.0

34. સ્વતંત્ર ઘટનાઓ A અને B માટે $P(A) = 0.4$ અને $P(B) = 0.7$ છે. $P(A \cap B)$ કેટલું?

A. 0.11 B. 0.30
C. 0.40 D. 0.28

35. $P(A \cap B) = 0.18$ અને $P(B) = 0.30$ હોય, તો $P(A \mid B)$ કેટલું?

A. 0.60 B. 0.54
C. 0.48 D. 0.12

36. બે યંત્રો કુલ ઉત્પાદનના અનુક્રમે 60% અને 40% એકમો બનાવે છે. તેમનાં ખામીયુક્ત ઉત્પાદનના દર અનુક્રમે 2% અને 5% છે. પસંદ થયેલો એકમ ખામીયુક્ત છે, તો તે બીજા યંત્રે બનાવ્યો હોવાની સંભાવના કેટલી?

A. 0.375 B. 0.400
C. 0.600 D. 0.625

37. ત્રણ સ્વતંત્ર પ્રયત્નોમાં દરેક વખતે સફળતાની સંભાવના $1/2$ છે. ચોક્કસ બે સફળતા મળવાની સંભાવના કેટલી?

A. ¼ B. $3/8$
C. ½ D. $5/8$

38. દ્વિપદી વિતરણમાં $n = 20$ અને $p = 0.3$ હોય, તો અપેક્ષિત સફળતાઓની સંખ્યા કેટલી?

A. 6 B. 7
C. 10 D. 14

31 ECONOMICS AND FINANCIAL ADMINISTRATION -1

TOTAL QUESTION : 100

01. અર્થશાસ્ત્રની મૂળભૂત આર્થિક સમસ્યા કઈ છે?
A. અમર્યાદિત જરૂરિયાતો સામે મર્યાદિત સાધનો
B. મર્યાદિત જરૂરિયાતો સામે અમર્યાદિત સાધનો
C. માત્ર નાણાંનો અભાવ
D. માત્ર ઉત્પાદનનો અભાવ

02. કોઈ એક વિકલ્પ પસંદ કરવાને કારણે ત્યજવામાં આવેલા શ્રેષ્ઠ વૈકલ્પિક લાભને શું કહેવાય?
A. સીમાંત ખર્ચ
B. તક-ખર્ચ
C. સ્થિર ખર્ચ
D. સામાજિક ખર્ચ

03. "પેટ્રોલના ભાવમાં વધારો થતાં તેની માંગ ઘટી" એવું વિધાન કયા પ્રકારનું છે?
A. સકારાત્મક અર્થશાસ્ત્રનું
B. આદર્શલક્ષી અર્થશાસ્ત્રનું
C. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું
D. રાજકોષીય અર્થશાસ્ત્રનું

04. વ્યક્તિગત ગ્રાહક, પેઢી અથવા એક બજારના વર્તનનો અભ્યાસ મુખ્યત્વે કઈ શાખામાં થાય છે?
A. સૂક્ષ્મ અર્થશાસ્ત્ર
B. સમષ્ટિ અર્થશાસ્ત્ર
C. જાહેર નાણાંશાસ્ત્ર
D. વિકાસ અર્થશાસ્ત્ર

05. વધતા તક-ખર્ચની પરિસ્થિતિમાં ઉત્પાદન શક્યતા વક્ર સામાન્ય રીતે કેવો હોય છે?
A. મૂળબિંદુ તરફ બહિર્ગોળ
B. ઊભો
C. સંપૂર્ણ સીધો
D. મૂળબિંદુ તરફ અંતર્ગોળ

06. કોઈ વસ્તુના એક વધારાના એકમના વપરાશથી મળતી વધારાની તૃપ્તિને શું કહેવાય?
A. કુલ ઉપયોગિતા
B. સીમાંત ઉપયોગિતા
C. સરેરાશ ઉપયોગિતા
D. વિનિમય ઉપયોગિતા

07. અન્ય બાબતો સમાન રહે ત્યારે આવક વધતાં જે વસ્તુની માંગ વધે તેને શું કહેવાય?
A. સામાન્ય વસ્તુ
B. હલકી કક્ષાની વસ્તુ
C. ગિફન વસ્તુ
D. જાહેર વસ્તુ

08. શુદ્ધ જાહેર વસ્તુની મુખ્ય વિશેષતા કઈ છે?
A. હરીફાઈપૂર્ણ અને બાકાત રાખી શકાય તેવી
B. હરીફાઈપૂર્ણ પરંતુ બાકાત ન રાખી શકાય તેવી
C. હરીફાઈરહિત પરંતુ સંપૂર્ણ ખાનગી
D. હરીફાઈરહિત અને બાકાત ન રાખી શકાય તેવી

09. અન્ય બાબતો સમાન હોય અને વસ્તુના પોતાના ભાવમાં ફેરફાર થવાથી ખરીદીના જથ્થામાં ફેરફાર થાય, તો તેને શું કહેવાય?
A. માંગમાં વધારો
B. માંગમાં ઘટાડો
C. માંગવક્રનું સ્થાનાંતરણ
D. માંગવક્ર પર ગતિ

10. માંગનો નિયમ સામાન્ય રીતે કયો સંબંધ દર્શાવે છે?
A. ભાવ અને માંગ વચ્ચે સીધો સંબંધ
B. આવક અને માંગ વચ્ચે વિપરીત સંબંધ
C. ભાવ અને માંગેલા જથ્થા વચ્ચે વિપરીત સંબંધ
D. પુરવઠો અને માંગ વચ્ચે સમાન સંબંધ

11. માંગના નિયમનો પરંપરાગત અપવાદ કયો છે?
A. સામાન્ય વસ્તુ
B. પૂરક વસ્તુ
C. ગિફન વસ્તુ
D. સ્થાનાપન્ન વસ્તુ

12. બે વસ્તુઓ સ્થાનાપન્ન હોય, તો તેમની Cross Elasticity of Demand સામાન્ય રીતે કેવી હોય?
A. શૂન્ય
B. એકથી વધુ જ હોવી જોઈએ
C. ઋણ
D. ધન

13. ચા અને ખાંડ જેવી પૂરક વસ્તુઓ માટે Cross Elasticity સામાન્ય રીતે કેવી હોય?
A. ધન
B. ઋણ
C. શૂન્ય જ
D. અનંત

14. સંપૂર્ણ ભાવ-બિનલવચીક માંગવક્ર કેવો હોય?
A. નીચે વળેલો લંબચોરસ પરવલય
B. ઊભો
C. આડો
D. મૂળબિંદુમાંથી પસાર થતો

15. માંગ ભાવલવચીક હોય ત્યારે ભાવમાં વધારો કરવાથી કુલ ખર્ચ અથવા કુલ આવક પર સામાન્ય રીતે શું અસર થાય?
A. વધારો થાય
B. કોઈ ફેરફાર ન થાય
C. પ્રથમ વધે અને પછી ઘટે
D. ઘટાડો થાય

16. એકમલવચીક માંગમાં ભાવ બદલાય ત્યારે કુલ ખર્ચ કેવો રહે છે?
A. હંમેશાં વધે છે
B. હંમેશાં ઘટે છે
C. લગભગ અપરિવર્તિત રહે છે
D. શૂન્ય થઈ જાય છે

17. કોઈ વસ્તુની આવક-લવચીકતા 1 કરતાં વધારે હોય, તો તે સામાન્ય રીતે કઈ વસ્તુ ગણાય?
A. વૈભવી વસ્તુ
B. હલકી કક્ષાની વસ્તુ
C. સંપૂર્ણ પૂરક વસ્તુ
D. ગિફન વસ્તુ

18. વસ્તુનો ભાવ ₹10થી વધીને ₹12 થાય છે અને માંગ 100 એકમથી ઘટીને 80 એકમ થાય છે. Midpoint Method પ્રમાણે માંગની ભાવલવચીકતાનું પરિમાણ લગભગ કેટલું?

A. 0.82 B. 1.00
C. 1.22 D. 2.20

19. અન્ય બાબતો સમાન હોય ત્યારે વસ્તુનો ભાવ વધતાં પુરવઠો વધે છે. આ કયો નિયમ છે?

A. ઘટતી ઉપયોગિતાનો નિયમ B. માંગનો નિયમ
C. સમ-સીમાંત ઉપયોગિતાનો નિયમ D. પુરવઠાનો નિયમ

20. ઉત્પાદન-ટેકનોલોજીમાં સુધારો થાય, તો સામાન્ય રીતે પુરવઠાવક્ર પર શું અસર થાય?

A. જમણી તરફ ખસે B. ડાબી તરફ ખસે
C. ઊભો બને D. કોઈ ફેરફાર ન થાય

21. સંપૂર્ણ ભાવલવચીક પુરવઠાવક્ર કેવો હોય?

A. ઊભો B. આડો
C. ઋણ ઢાળવાળો D. મૂળબિંદુ તરફ અંતર્ગોળ

22. પુરવઠાની ભાવલવચીકતા કયા ગુણોત્તરથી માપવામાં આવે છે?

A. ભાવમાં ટકાવારી ફેરફાર ÷ પુરવઠામાં ટકાવારી ફેરફાર
B. આવકમાં ટકાવારી ફેરફાર ÷ પુરવઠામાં ટકાવારી ફેરફાર
C. પુરવઠામાં ટકાવારી ફેરફાર ÷ ભાવમાં ટકાવારી ફેરફાર
D. માંગમાં ફેરફાર ÷ આવકમાં ફેરફાર

23. અત્યંત નાશવંત વસ્તુનો તાત્કાલિક સમયગાળાનો પુરવઠો સામાન્ય રીતે કેવો હોય છે?

A. સંપૂર્ણ લવચીક B. પ્રમાણમાં બિનલવચીક
C. એકમલવચીક D. અનંત લવચીક

24. સંતુલનભાવ કરતાં ઊંચો અસરકારક લઘુતમ ભાવ નક્કી કરવામાં આવે, તો સામાન્ય રીતે શું સર્જાય?

A. અછત B. માંગ, પુરવઠો બંને શૂન્ય
C. વધારાનો પુરવઠો D. માત્ર માંગમાં વધારો

25. સંતુલનભાવ કરતાં નીચો અસરકારક મહત્તમ ભાવ નક્કી કરવામાં આવે, તો સામાન્ય રીતે શું સર્જાય?

A. અછત B. વધારાનો પુરવઠો
C. ભાવમાં અનિયંત્રિત વધારો D. ઉત્પાદન ખર્ચમાં ઘટાડો

26. બજારમાં Q_d= 100-2P અને Q_s= 20+2P છે. સંતુલનભાવ અને સંતુલનજથ્થો કયાં છે?

A. ₹15 અને 70 એકમ B. ₹20 અને 40 એકમ
C. ₹20 અને 60 એકમ D. ₹25 અને 50 એકમ

27. ઉત્પાદક પર પ્રતિએકમ પરોક્ષ કર લાદવામાં આવે, તો સામાન્ય રીતે પુરવઠાવક્ર કેવી રીતે બદલાય?

A. જમણી અને નીચે તરફ ખસે B. બદલાતો નથી
C. ડાબી અથવા ઉપર તરફ ખસે D. માત્ર તેની ઢાળ શૂન્ય થાય

28. Disposable Personal Income કઈ રીતે મળે છે?

A. વ્યક્તિગત આવક + વ્યક્તિગત કર
B. રાષ્ટ્રીય આવક — ઘસારો
C. વ્યક્તિગત આવક — વ્યક્તિગત પ્રત્યક્ષ કર
D. વ્યક્તિગત આવક + કોર્પોરેટ કર

29. ઘરગથ્થુ ક્ષેત્રની બચતનું મૂળભૂત સમીકરણ કયું છે?

A. બચત = નિકાલયોગ્ય આવક — ઉપભોગ
B. બચત = ઉપભોગ — નિકાલયોગ્ય આવક
C. બચત = રોકાણ — આવક
D. બચત = કરવેરા — સરકારી ખર્ચ

30. સરેરાશ ઉપભોગપ્રવૃત્તિ અને સરેરાશ બચતપ્રવૃત્તિ વચ્ચે કયો સંબંધ છે?

A. APC - APS = 1 B. APC + APS = 1
C. APC × APS = 1 D. APC / APS = 1

31. સીમાંત ઉપભોગપ્રવૃત્તિ 0.75 હોય, તો સાદો Keynesian Multiplier કેટલો?

A. 4 B. 3
C. 2.5 D. 1.33

32. મંદી દરમિયાન દરેક વ્યક્તિ વધુ બચત કરવાનો પ્રયાસ કરે અને પરિણામે કુલ આવક તથા કુલ બચત ઘટે, તો તેને શું કહેવાય?

A. Liquidity Trap B. Crowding Out
C. Paradox of Thrift D. Fiscal Drag

33. આવક શૂન્ય હોય ત્યારે પણ થતો ઉપભોગ શું કહેવાય?

A. પ્રેરિત ઉપભોગ B. સ્વાયત્ત ઉપભોગ
C. સરેરાશ ઉપભોગ D. જાહેર ઉપભોગ

34. સરકારનો એવો ખર્ચ જેનાથી સંપત્તિ સર્જાય અથવા જવાબદારીમાં ઘટાડો થાય તેને શું કહેવાય?

A. મહેસૂલી ખર્ચ B. વહીવટી ખર્ચ
C. ટ્રાન્સફર ખર્ચ D. મૂડી ખર્ચ

35. દેશની ભૌગોલિક સીમાની અંદર નિર્ધારિત સમયગાળામાં ઉત્પાદિત અંતિમ માલ અને સેવાઓનું બજારમૂલ્ય શું કહેવાય?

A. GNP B. NNP
C. GDP D. વ્યક્તિગત આવક

36. GDPમાં વિદેશથી મળતી ચોખ્ખી સાધન-આવક ઉમેરવાથી શું મળે?

A. GNP B. NDP
C. Personal Income D. Disposable Income

37. GDPમાંથી ઘસારો ઘટાડવાથી શું મળે?

A. GNP B. NNP
C. National Income D. NDP

38. પરંપરાગત અર્થમાં National Income કયા માપને અનુરૂપ ગણાય છે?

A. GDP at Market Price B. NNP at Factor Cost
C. NDP at Market Price D. GNP at Market Price

36 Management and International Business -1

TOTAL QUESTION: 100

01. મેનેજમેન્ટનો મુખ્ય ઉદ્દેશ કયો છે?
A. માત્ર કર્મચારીઓની સંખ્યા વધારવી
B. ઉપલબ્ધ સંસાધનોથી કાર્યક્ષમ રીતે ધ્યેય પ્રાપ્ત કરવાં
C. દરેક નિર્ણય ઉચ્ચ સંચાલક પાસે રાખવો
D. ઉત્પાદનખર્ચની અવગણના કરવી

02. મેનેજમેન્ટને કલા અને વિજ્ઞાન બંને શા માટે ગણવામાં આવે છે?
A. તેમાં માત્ર વ્યક્તિગત અનુભવ જરૂરી છે
B. તેમાં માત્ર નિશ્ચિત નિયમોનું પાલન થાય છે
C. તેમાં વ્યવસ્થિત જ્ઞાન સાથે વ્યવહારુ કૌશલ્ય જરૂરી છે
D. તેમાં કોઈ સિદ્ધાંત લાગુ પડતો નથી

03. સંસ્થાની લાંબા ગાળાની નીતિઓ અને મુખ્ય ઉદ્દેશો સામાન્ય રીતે કયા સ્તરે નક્કી થાય છે?
A. ઉચ્ચ સંચાલન સ્તરે
B. મધ્યમ સંચાલન સ્તરે
C. નિરીક્ષક સ્તરે
D. કાર્યકારી કર્મચારી સ્તરે

04. 'સંકલન'ને મેનેજમેન્ટનું સારતત્ત્વ કેમ માનવામાં આવે છે?
A. તે આયોજનની જરૂર દૂર કરે છે
B. તે વિવિધ વ્યક્તિઓ અને વિભાગોના પ્રયાસોમાં એકરૂપતા લાવે છે
C. તે માત્ર ઉચ્ચ સંચાલકોનું કાર્ય છે
D. તે નિયંત્રણનું સ્થાન લે છે

05. 'યોગ્ય કાર્ય પૂર્ણ કરવું' કઈ બાબત દર્શાવે છે?
A. ખર્ચકાર્યક્ષમતા
B. વિશેષીકરણ
C. સત્તાનું વિકેન્દ્રીકરણ
D. અસરકારકતા

06. મેનેજમેન્ટના 14 સામાન્ય સિદ્ધાંતો કોના દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા?
A. એફ. ડબ્લ્યુ. ટેલર
B. હેનરી ફેયોલ
C. એલ્ટન મેયો
D. પીટર ડ્રકર

07. વૈજ્ઞાનિક મેનેજમેન્ટના વિકાસ સાથે કોનું નામ મુખ્યત્વે જોડાયેલું છે?
A. હેનરી ફેયોલ
B. મેક્સ વેબર
C. એફ. ડબ્લ્યુ. ટેલર
D. અબ્રાહમ મેસ્લો

08. કોઈ કર્મચારીને એક જ ઉપરી અધિકારી પાસેથી આદેશ મળવો જોઈએ. આ કયો સિદ્ધાંત છે?
A. દિશાની એકતા
B. આદેશની એકતા
C. કાર્યવિભાજન
D. કેન્દ્રિકરણ

09. સંસ્થામાં ઉચ્ચ અધિકારીથી નીચલા સ્તર સુધી સત્તાની ઔપચારિક શ્રેણી કયા નામે ઓળખાય છે?
A. સત્તાશૃંખલા
B. નિયંત્રણ વિસ્તાર
C. કાર્યવિભાગ
D. સમાનતાનો સિદ્ધાંત

10. 'જૂથભાવના'નો સિદ્ધાંત મુખ્યત્વે કઈ બાબતને પ્રોત્સાહિત કરે છે?
A. કર્મચારીઓમાં એકતા અને સહકાર
B. વ્યક્તિગત સ્પર્ધાને સર્વોચ્ચ સ્થાન
C. તમામ સત્તાનું કેન્દ્રિકરણ
D. કામદારોની સતત બદલી

11. નિર્ણય લેવાની સત્તા મુખ્યત્વે ઉચ્ચ સંચાલન પાસે કેન્દ્રિત હોય, તો તેને શું કહેવાય?
A. પ્રતિનિધાન
B. વિભાગીકરણ
C. વિકેન્દ્રીકરણ
D. કેન્દ્રિકરણ

12. કર્મચારીને પોતાની રીતે વિચાર રજૂ કરવા અને કાર્ય શરૂ કરવાની તક આપવી કયા સિદ્ધાંત સાથે જોડાયેલી છે?
A. પહેલવૃત્તિ
B. શિસ્ત
C. સમાન મહેનતાણું
D. આદેશની એકતા

13. ભવિષ્યમાં શું કરવું, કેવી રીતે કરવું અને કોણે કરવું તે અગાઉથી નક્કી કરવાની પ્રક્રિયા કઈ છે?
A. નિયંત્રણ
B. દિશાનિર્દેશન
C. સંગઠન
D. આયોજન

14. વારંવાર થતા નિર્ણયોમાં સંચાલકોને સામાન્ય માર્ગદર્શન આપતું નિવેદન શું કહેવાય?
A. નિયમ
B. કાર્યપદ્ધતિ
C. નીતિ
D. અંદાજપત્ર

15. ઉપલબ્ધ વિકલ્પોમાંથી સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરવાની પ્રક્રિયા કઈ છે?
A. પૂર્વાનુમાન
B. વિભાગીકરણ
C. નિર્ણય-નિર્માણ
D. નિયંત્રણ

16. કાર્યો નક્કી કરીને તેમને જૂથબદ્ધ કરવા તથા જવાબદારી અને સત્તાના સંબંધો સ્થાપવાની પ્રક્રિયા કઈ છે?
A. સંગઠન
B. નિયંત્રણ
C. અભિપ્રેરણા
D. ભરતી

17. કર્મચારીઓના વ્યક્તિગત અને સામાજિક સંબંધોમાંથી સ્વાભાવિક રીતે વિકસતું સંગઠન કયું છે?
A. ઔપચારિક સંગઠન
B. વિભાગીય સંગઠન
C. રેખીય સંગઠન
D. અનૌપચારિક સંગઠન

18. ઉપરી અધિકારી પોતાના કાર્યનો અમુક ભાગ અને તેને અનુરૂપ સત્તા ગૌણ અધિકારીને સોંપે, તો તેને શું કહેવાય?
A. સત્તા-પ્રતિનિધાન
B. કેન્દ્રિકરણ
C. નિયંત્રણ
D. ભરતી

LAKSHYAM ACADEMY — સંકલ્પ થી સફળતા સુધી —

19. સંસ્થાના વિવિધ સ્તરો પર નિર્ણય લેવાની સત્તાનું વ્યવસ્થિત વિતરણ કઈ પ્રક્રિયા છે?

A. કાર્યવિભાજન
B. સંકલન
C. દેખરેખ
D. વિકેન્દ્રીકરણ

20. કોઈ સંચાલક સીધી રીતે મોટી સંખ્યામાં કર્મચારીઓનું નિરીક્ષણ કરે, તો તેનો નિયંત્રણ વિસ્તાર કેવો કહેવાય?

A. વિશાળ
B. સાંકડો
C. કેન્દ્રીકૃત
D. અનૌપચારિક

21. યોગ્ય વ્યક્તિને યોગ્ય કાર્ય પર યોગ્ય સમયે મૂકવાની જવાબદારી કયા કાર્ય સાથે જોડાયેલી છે?

A. આયોજન
B. નિયંત્રણ
C. સંકલન
D. કર્મચારી વ્યવસ્થા

22. ભરતી અને પસંદગી વચ્ચેનો યોગ્ય તફાવત કયો છે?

A. ભરતીમાં યોગ્ય ઉમેદવાર પસંદ થાય છે અને પસંદગીમાં અરજદારો શોધાય છે
B. બંનેનો અર્થ સંપૂર્ણપણે સમાન છે
C. ભરતી અરજદારો આકર્ષે છે, જ્યારે પસંદગી યોગ્ય ઉમેદવાર નક્કી કરે છે
D. પસંદગી પહેલાં તાલીમ અને ત્યારબાદ ભરતી થાય છે

23. દેખરેખ, અભિપ્રેરણા, નેતૃત્વ અને સંદેશાવ્યવહાર કયા સંચાલ-કીય કાર્યના ઘટકો છે?

A. આયોજન
B. સંગઠન
C. નિયંત્રણ
D. દિશાનિર્દેશન

24. પ્રેષક અને પ્રાપ્તકર્તા એક જ શબ્દનો જુદો અર્થ કરે, તો કયો સંદેશાવ્યવહાર અવરોધ સર્જાય?

A. અર્થલક્ષી અવરોધ
B. સંગઠનાત્મક અવરોધ
C. વ્યક્તિગત અવરોધ
D. ભૌતિક અવરોધ

25. નિયંત્રણ પ્રક્રિયામાં ધોરણ નક્કી કર્યા અને વાસ્તવિક કામગીરી માપ્યા પછીનું મહત્વનું પગલું કયું છે?

A. વિભાગીકરણ કરવું
B. નવી ભરતી કરવી
C. સંગઠનમાળખું બદલવું
D. વાસ્તવિક કામગીરીની ધોરણ સાથે તુલના કરવી

26. આયોજન અને નિયંત્રણ વચ્ચેનો યોગ્ય સંબંધ કયો છે?

A. બંને એકબીજાથી સંપૂર્ણ સ્વતંત્ર છે
B. નિયંત્રણ આયોજન પહેલાં થાય છે
C. આયોજન ધોરણ આપે છે અને નિયંત્રણ પરિણામની તેની સાથે તુલના કરે છે
D. આયોજન થઈ ગયા પછી નિયંત્રણની જરૂર રહેતી નથી

27. સંસ્થાના ધ્યેયો સંચાલક અને કર્મચારીની સહભાગિતાથી નક્કી કરીને કામગીરી માપવાની પદ્ધતિ કઈ છે?

A. સમય અભ્યાસ
B. ઉદ્દેશો દ્વારા સંચાલન
C. ગતિ અભ્યાસ
D. કાર્યાત્મક સંગઠન

28. મેસ્લોના જરૂરિયાત ક્રમમાં શારીરિક જરૂરિયાતો પછી કઈ જરૂરિયાત આવે છે?

A. સન્માનની જરૂરિયાત
B. સુરક્ષાની જરૂરિયાત
C. આત્મસાક્ષાત્કારની જરૂરિયાત
D. સામાજિક જરૂરિયાત

29. હર્ઝબર્ગના દ્વિઘટક સિદ્ધાંત મુજબ નીચેના પૈકી કયું અભિપ્રેરક પરિબળ છે?

A. કંપનીની નીતિ
B. કાર્યસ્થળની પરિસ્થિતિ
C. સિદ્ધિની માન્યતા
D. નોકરીની સુરક્ષા

30. મેકગ્રેગરના 'વાય સિદ્ધાંત' મુજબ કર્મચારી અંગે કઈ માન્યતા રાખવામાં આવે છે?

A. કર્મચારી સ્વભાવથી કામ ટાળે છે
B. યોગ્ય પરિસ્થિતિમાં કર્મચારી સ્વદિશા અને જવાબદારી સ્વીકારી શકે છે
C. કર્મચારીને માત્ર દંડથી કાર્યરત રાખી શકાય
D. કર્મચારીમાં સર્જનાત્મકતા હોતી નથી

31. અપેક્ષા સિદ્ધાંત મુજબ કર્મચારીની અભિપ્રેરણા કઈ માન્યતા પર આધારિત છે?

A. દરેક કર્મચારીને સમાન પુરસ્કાર મળે
B. જરૂરિયાતો હંમેશાં ક્રમમાં જ સંતોષાય
C. માત્ર નાણાકીય પુરસ્કાર મહત્ત્વનો છે
D. પ્રયત્નથી કામગીરી અને કામગીરીથી ઇચ્છિત પુરસ્કાર મળશે

32. કર્મચારી પોતાના પ્રયત્ન અને પુરસ્કારના ગુણોત્તરની અન્ય કર્મચારી સાથે તુલના કરે, તો કયો અભિપ્રેરણા સિદ્ધાંત લાગુ પડે?

A. જરૂરિયાત ક્રમ સિદ્ધાંત
B. દ્વિઘટક સિદ્ધાંત
C. અપેક્ષા સિદ્ધાંત
D. સમાનતા સિદ્ધાંત

33. નીચેના પૈકી કયું બિનનાણાકીય પ્રોત્સાહન છે?

A. નફામાં ભાગ
B. કાર્યની માન્યતા
C. ઉત્પાદકતા બોનસ
D. વેતનવધારો

34. સંચાલક નિર્ણય લેતાં પહેલાં કર્મચારીઓની સલાહ અને સહભાગિતા મેળવે, તો તે કઈ નેતૃત્વશૈલી છે?

A. લોકશાહી નેતૃત્વ
B. નિરંકુશ નેતૃત્વ
C. મુક્ત નેતૃત્વ
D. અધિકારીશાહી નેતૃત્વ

35. પરિસ્થિતિજન્ય નેતૃત્વનો મુખ્ય વિચાર કયો છે?

A. દરેક પરિસ્થિતિ માટે એક જ નેતૃત્વશૈલી શ્રેષ્ઠ નથી
B. લોકશાહી નેતૃત્વ હંમેશાં શ્રેષ્ઠ છે
C. નેતૃત્વ માત્ર જન્મજાત ગુણ છે
D. કર્મચારીઓની પરિપક્વતાનો કોઈ પ્રભાવ નથી

36. સંદેશો પ્રાપ્ત થયો અને સમજાયો છે કે નહીં તેની જાણ પ્રેષકને કયા તત્ત્વથી થાય છે?

A. માધ્યમ
B. સંકેતીકરણ
C. પ્રતિભાવ
D. અવરોધ

41 Public Administration -1

TOTAL QUESTION: 100

01. જાહેર વહીવટનો મુખ્ય સંબંધ શેની સાથે છે?
A. માત્ર સરકારી કર્મચારીઓની ભરતી સાથે
B. જાહેર નીતિઓ અને કાયદાના અમલીકરણ સાથે
C. માત્ર ન્યાયિક નિર્ણયોની સમીક્ષા સાથે
D. ખાનગી ઉદ્યોગોના નફા સંચાલન સાથે

02. 'POSDCORB' શબ્દપ્રયોગ મુખ્યત્વે કયા વિદ્વાન સાથે સંકળાયેલો છે?
A. હર્બર્ટ સાયમન
B. મેક્સ વેબર
C. એફ. ડબ્લ્યુ. ટેલર
D. લ્યુથર ગુલિક

03. સંગઠનમાં સર્વોચ્ચ અધિકારીથી સૌથી નીચલા સ્તર સુધી સત્તાની અખંડિત શ્રેણીને શું કહેવાય?
A. પદાનુક્રમ
B. નિયંત્રણનો વ્યાપ
C. કાર્યાત્મક વિકેન્દ્રીકરણ
D. આદેશની બહુવિધતા

04. 'મર્યાદિત તાર્કિકતા'નો સિદ્ધાંત કોણે રજૂ કર્યો હતો?
A. ચેસ્ટર બર્નાર્ડ
B. એલ્ટન મેયો
C. હર્બર્ટ સાયમન
D. મેરી પાર્કર ફોલેટ

05. યોગ્ય લાયકાત અને સ્પર્ધાત્મક પસંદગીના આધારે કર્મચારીની નિમણૂક કઈ પદ્ધતિનું લક્ષણ છે?
A. યોગ્યતાલક્ષી
B. આશ્રયદાતા
C. વારસાગત
D. રાજકીય પ્રતિનિધિત્વ

06. સરકાર કોઈ ખર્ચ કરે તે પહેલાં વિધાનમંડળની મંજૂરી મેળવવાની જરૂરિયાત કયા સિદ્ધાંતને વ્યક્ત કરે છે?
A. ન્યાયિક સર્વોપરિતા
B. વહીવટી સ્વાયત્તતા
C. નાણાકીય જવાબદારી
D. અમલદારશાહી તટસ્થતા

07. સંગઠનના પ્રથમ અને મૂળભૂત સિદ્ધાંત તરીકે 'સંકલન'ને વિશેષ મહત્ત્વ કોણે આપ્યું હતું?
A. અબ્રાહમ મેસ્લો
B. મેક્સ વેબર
C. પીટર ડ્રકર
D. જેમ્સ ડી. મૂની

08. અધિકારી પોતાના ગૌણ કર્મચારીને સત્તા સોંપે ત્યારે અંતિમ જવાબદારી કોની રહે છે?
A. માત્ર ગૌણ કર્મચારીની
B. સત્તા સોંપનાર અધિકારીની
C. કર્મચારી સંગઠનની
D. બાહ્ય નિયામક સંસ્થાની

09. વહીવટી નિર્ણયની કાયદેસરતા ચકાસવા માટે અદાલત દ્વારા કરવામાં આવતી તપાસને શું કહેવાય?
A. વહીવટી ઓડિટ
B. સંસદીય દેખરેખ
C. ન્યાયિક સમીક્ષા
D. સામાજિક અંકેક્ષણ

10. ઓછામાં ઓછાં સંસાધનો વડે નિર્ધારિત પરિણામ મેળવવું કયા ખ્યાલ સાથે વધુ સીધું સંબંધિત છે?
A. સમાનતા
B. કાર્યક્ષમતા
C. પ્રતિનિધિત્વ
D. પ્રતિભાવશીલતા

11. નાગરિક સેવાની રાજકીય તટસ્થતાનો યોગ્ય અર્થ કયો છે?
A. કોઈ પક્ષ પ્રત્યે પક્ષપાત રાખ્યા વિના કાયદેસર સરકારની નીતિ અમલમાં મૂકવી
B. સરકારની દરેક નીતિનો જાહેરમાં વિરોધ કરવો
C. રાજકીય નેતૃત્વથી સંપૂર્ણપણે સ્વતંત્ર થઈને નીતિ બનાવવી
D. ચૂંટણી પ્રક્રિયામાં સત્તાધારી પક્ષને સહાય કરવી

12. કાર્યપદ્ધતિ, ફાઇલ પ્રક્રિયા અને કચેરીની પ્રક્રિયાઓને સરળ બનાવતું સંગઠન અને પદ્ધતિ એકમ કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે?
A. જાહેર હિસાબ
B. ન્યાયિક નિયંત્રણ
C. રાજકીય પ્રતિનિધિત્વ
D. વહીવટી સુધારણા

13. જાહેર વહીવટના વ્યવસ્થાપકીય દૃષ્ટિકોણની સરખામણીએ સર્વગ્રાહી દૃષ્ટિકોણ શું સ્વીકારે છે?
A. માત્ર ઉચ્ચ અધિકારીઓની પ્રવૃત્તિઓ
B. માત્ર નાણાકીય અને કર્મચારી કાર્યો
C. માત્ર નીતિનિર્માણની કામગીરી
D. જાહેર નીતિના અમલમાં સામેલ તમામ પ્રકારની પ્રવૃત્તિઓ

14. સમય અને ગતિ અભ્યાસ કયા સંગઠનાત્મક અભિગમનો મહત્વપૂર્ણ ભાગ છે?
A. વૈજ્ઞાનિક વ્યવસ્થાપન
B. માનવસંબંધ અભિગમ
C. પરિસ્થિતિલક્ષી અભિગમ
D. જાહેર પસંદગી અભિગમ

15. નિયંત્રણનો વ્યાપ એટલે શું?
A. એક વિભાગને ફાળવવામાં આવેલ ભૌગોલિક વિસ્તાર
B. એક અધિકારી હેઠળના ગૌણ કર્મચારીઓની સંખ્યા
C. વિધાનમંડળ દ્વારા કારોબારી પર મૂકવામાં આવતું નિયંત્રણ
D. સંગઠનમાં રહેલા કુલ પદસોપાનોની સંખ્યા

16. હોથોર્ન પ્રયોગોએ મુખ્યત્વે કયા પરિબળના મહત્ત્વને ઉજાગર કર્યું?
A. કડક ઔપચારિક નિયમો
B. આર્થિક પ્રોત્સાહન જ એકમાત્ર પ્રેરક છે
C. સામાજિક સંબંધો અને અનૌપચારિક જૂથો
D. સંપૂર્ણ કેન્દ્રીકરણ

17. પદવર્ગીકરણનો મુખ્ય આધાર કયો હોવો જોઈએ?

A. પદધારકની સામાજિક પ્રતિષ્ઠા

B. પદ સાથે જોડાયેલી ફરજો અને જવાબદારીઓ

C. કર્મચારીની રાજકીય ઓળખ

D. કર્મચારીની વ્યક્તિગત પસંદગી

18. ખર્ચને માત્ર વસ્તુવાર બતાવવાને બદલે કાર્ય, કાર્યક્રમ અને પ્રવૃત્તિ સાથે જોડતું અંદાજપત્ર કયું છે?

A. પરંપરાગત અંદાજપત્ર

B. રોકડ અંદાજપત્ર

C. કાર્યસંપાદન અંદાજપત્ર

D. આવક અંદાજપત્ર

19. બે એકમો પરસ્પર સીધો સંપર્ક કરીને પોતાની પ્રવૃત્તિઓને અનુકૂળ બનાવે, તો તે કઈ સંકલન પદ્ધતિ છે?

A. પદાનુક્રમી આદેશ

B. કેન્દ્રીય નિયંત્રણ

C. બાહ્ય નિયમન

D. પારસ્પરિક સમાયોજન

20. અપવાદના સિદ્ધાંત અનુસાર ઉચ્ચ અધિકારીએ મુખ્યત્વે કઈ બાબતો પર ધ્યાન આપવું જોઈએ?

A. સામાન્ય ધોરણથી નોંધપાત્ર રીતે વિચલિત થતી બાબતો પર

B. તમામ નિયમિત અને નાનાં કાર્યો પર

C. માત્ર કર્મચારીઓની હાજરી પર

D. માત્ર આંતરિક પત્રવ્યવહાર પર

21. ભારતની સંસદની જાહેર હિસાબ સમિતિ મુખ્યત્વે શાની તપાસ કરે છે?

A. મંજૂર નાણાં કાયદેસર રીતે અને નિર્ધારિત હેતુ માટે ખર્ચાયા કે નહીં

B. આગામી વર્ષમાં કરના દર કેટલા રાખવા

C. સરકારી કર્મચારીઓની વ્યક્તિગત બઢતી

D. ન્યાયાલયોના ચુકાદાની યોગ્યતા

22. તાલીમ કાર્યક્રમ બાદ કાર્યસ્થળે ભૂલોના પ્રમાણમાં થયેલો ઘટાડો કયા પ્રકારનો સૂચક છે?

A. ઈનપુટ સૂચક

B. પ્રક્રિયા સૂચક

C. પરિણામ સૂચક

D. સંસાધન સૂચક

23. નાગરિકકેન્દ્રિત નાગરિક સેવાનું મુખ્ય લક્ષણ કયું છે?

A. પ્રક્રિયાને પરિણામ કરતાં વધુ મહત્ત્વ આપવું

B. નાગરિકની જરૂરિયાત અને અનુભવ પર ધ્યાન

C. દરેક નિર્ણયને ગુપ્ત રાખવો

D. વિવેકાધિકારનો અમર્યાદિત ઉપયોગ કરવો

24. ભારતના પ્રથમ વહીવટી સુધારણા પંચની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી?

A. 1950

B. 1956

C. 1964

D. 1966

25. જાહેર અને ખાનગી વહીવટ વચ્ચેનો સૌથી મૂળભૂત તફાવત કયો છે?

A. ખાનગી વહીવટમાં કોઈ સંગઠન માળખું હોતું નથી

B. જાહેર વહીવટમાં કર્મચારીઓની જરૂર પડતી નથી

C. જાહેર વહીવટ જાહેર હિત અને જાહેર જવાબદારીથી બંધાયેલું હોય છે

D. ખાનગી વહીવટ કોઈ કાયદાને આધીન હોતું નથી

26. માનવસંબંધ અભિગમના વિકાસ સાથે કયા વિદ્વાનનું નામ મુખ્યત્વે જોડાયેલું છે?

A. એલ્ટન મેયો

B. હેનરી ફેયોલ

C. ફ્રેડરિક ટેલર

D. લ્યુથર ગુલિક

27. કર્મચારીને કાર્યાત્મક સંચાલક અને પ્રકલ્પ સંચાલક બંને તરફથી સૂચનાઓ મળે તેવી રચના કઈ છે?

A. રેખીય રચના

B. વિભાગીય રચના

C. સમિતિ રચના

D. મેટ્રિક્સ રચના

28. હર્બર્ટ સાયમનના મતે વહીવટી નિર્ણયકર્તા ઘણીવાર શ્રેષ્ઠતમ વિકલ્પને બદલે કયો વિકલ્પ પસંદ કરે છે?

A. સર્વસંમતિ આધારિત વિકલ્પ

B. સંતોષકારક વિકલ્પ

C. સૌથી ખર્ચાળ વિકલ્પ

D. સંપૂર્ણપણે સંયોગ આધારિત વિકલ્પ

29. નવી નિમણૂક પામેલી વ્યક્તિની યોગ્યતા અને કામ સાથેની અનુકૂળતા ચકાસવા માટેનો પ્રારંભિક સેવાકાળ શું કહેવાય?

A. પ્રતિનિયુક્તિ

B. કાર્યકાળ

C. સ્થાયીકરણ

D. અજમાયશી સમયગાળો

30. સંપૂર્ણ અંદાજપત્ર પસાર થાય તે પહેલાં ટૂંકા સમય માટે જરૂરી સરકારી ખર્ચની મંજૂરી કયા સાધન દ્વારા મળે છે?

A. પૂરક અનુદાન

B. લેખાનુદાન

C. વધારાનું અનુદાન

D. પ્રતીક અનુદાન

31. એકસરખું કામ બે વિભાગો દ્વારા ન થાય અને તેમની પ્રવૃત્તિઓ એકબીજા સાથે અથડાય નહીં તેની વ્યવસ્થાને શું કહી શકાય?

A. સ્વયંભૂ વિકેન્દ્રીકરણ

B. સકારાત્મક અભિપ્રેરણા

C. નકારાત્મક સંકલન

D. ન્યાયિક સંયમ

32. આદેશની એકતાનો સિદ્ધાંત શું સૂચવે છે?

A. એક કર્મચારીએ સામાન્ય રીતે એક જ ઉપરી અધિકારી પાસેથી આદેશ મેળવવો જોઈએ

B. દરેક અધિકારી પાસે સમાન સત્તા હોવી જોઈએ

C. તમામ નિર્ણયો સમિતિ દ્વારા લેવા જોઈએ

D. ગૌણ કર્મચારીને કોઈ જવાબદારી આપવી જોઈએ નહીં

33. નાગરિકોની વહીવટી ગેરવર્તણૂક અંગેની ફરિયાદોની સ્વતંત્ર તપાસ કરતી સ્કેન્ડિનેવિયન મૂળની સંસ્થાને શું કહેવાય?

A. નાણાપંચ

B. ઓમ્બુડ્સમેન

C. ચૂંટણીપંચ

D. આંતરરાજ્ય પરિષદ

34. સરકારી કાર્યક્રમમાં કરકસર, કાર્યક્ષમતા અને અસરકારકતાની તપાસ કયા ઓડિટ હેઠળ થાય છે?

A. નિયમિતતા ઓડિટ

B. અનુપાલન ઓડિટ

C. વિનિયોગ ઓડિટ

D. કાર્યસંપાદન ઓડિટ

46 Financial Accounting -1

TOTAL QUESTION : 100

01. નાણાકીય હિસાબશાસ્ત્રનો મુખ્ય હેતુ કયો છે?

A. માત્ર કરચોરી શોધવી

B. વ્યવસાયના વ્યવહારો નોંધી નાણાકીય પરિણામ અને સ્થિતિ રજૂ કરવી

C. માત્ર ઉત્પાદન ખર્ચ નક્કી કરવો

D. માત્ર અંદાજપત્ર તૈયાર કરવું

02. વ્યવસાયને તેના માલિકથી અલગ હિસાબી એકમ માનવામાં આવે તે કઈ ધારણા છે?

A. સાતત્યપૂર્ણ વ્યવસાયની ધારણા

B. નાણાંમાપની ધારણા

C. વ્યવસાયિક એકમની ધારણા

D. ઉપાર્જનની ધારણા

03. મૂળભૂત હિસાબી સમીકરણ કયું છે?

A. સંપત્તિ = મૂડી + જવાબદારી

B. મૂડી = સંપત્તિ + જવાબદારી

C. જવાબદારી = સંપત્તિ + મૂડી

D. સંપત્તિ = આવક − ખર્ચ

04. નામમાત્ર ખાતાનો પરંપરાગત નિયમ કયો છે?

A. મેળવનારને નામું અને આપનારને જમા

B. જે આવે તેને નામું અને જે જાય તેને જમા

C. આવકને નામું અને ખર્ચને જમા

D. તમામ ખર્ચ અને નુકસાનને નામું તથા તમામ આવક અને લાભને જમા

05. રોકડેથી ફર્નિચર ખરીદવામાં આવે ત્યારે કઈ નોંધ થશે?

A. ફર્નિચર ખાતું નામું અને રોકડ ખાતું જમા

B. ખરીદ ખાતું નામું અને રોકડ ખાતું જમા

C. રોકડ ખાતું નામું અને ફર્નિચર ખાતું જમા

D. ફર્નિચર ખાતું નામું અને મૂડી ખાતું જમા

06. રામ પાસેથી ઉધાર માલ ખરીદ્યો હોય ત્યારે કઈ જર્નલ નોંધ થશે?

A. રામ ખાતું નામું અને ખરીદ ખાતું જમા

B. રોકડ ખાતું નામું અને રામ ખાતું જમા

C. માલ ખાતું નામું અને રોકડ ખાતું જમા

D. ખરીદ ખાતું નામું અને રામ ખાતું જમા

07. રોકડપોથીની વિશેષતા કઈ છે?

A. તે માત્ર ખાતાવહી છે

B. તે મૂળ નોંધપોથી અને ખાતાવહી બંનેનું કાર્ય કરે છે

C. તેમાં માત્ર ઉધાર વ્યવહારો નોંધાય છે

D. તે કાચા સરવૈયા પછી તૈયાર થાય છે

08. નીચેમાંથી કયા ખાતામાં સામાન્ય રીતે નામું બાકી જોવા મળે છે?

A. મૂડી ખાતું

B. લેણદાર ખાતું

C. મશીનરી ખાતું

D. વેચાણ ખાતું

09. કાચું સરવૈયું તૈયાર કરવાનો મુખ્ય હેતુ કયો છે?

A. ચોખ્ખો નફો શોધવો

B. રોકડ બાકી શોધવી

C. ખાતાવહીની અંકગણિતીય ચોકસાઈની પ્રાથમિક તપાસ કરવી

D. દરેક હિસાબી ભૂલ શોધવી

10. કોઈ વ્યવહાર હિસાબી પુસ્તકોમાં સંપૂર્ણપણે નોંધાયો ન હોય, તો તે ભૂલ કાચા સરવૈયાથી કેમ શોધી શકાતી નથી?

A. કારણ કે નામું અને જમા બંને બાજુ સમાન રકમ બાકાત રહે છે

B. કારણ કે માત્ર રોકડ ખાતાને અસર થાય છે

C. કારણ કે શંકાસ્પદ ખાતું ખોલવામાં આવે છે

D. કારણ કે તે માત્ર ગણિતીય ભૂલ છે

11. કાચા સરવૈયાની બંને બાજુ સરખી ન થાય ત્યારે તફાવત અસ્થાયી રીતે કયા ખાતામાં મૂકવામાં આવે છે?

A. મૂડી ખાતું

B. અનામત ખાતું

C. નફા-નુકસાન ખાતું

D. શંકાસ્પદ ખાતું

12. કુલ નફાની સામાન્ય ગણતરી કઈ છે?

A. વેચાણ − સંચાલન ખર્ચ

B. ચોખ્ખું વેચાણ − વેચાયેલા માલની કિંમત

C. કુલ આવક − તમામ ખર્ચ

D. મૂડી + જવાબદારી − સંપત્તિ

13. કાચા સરવૈયાની બહાર આપવામાં આવેલ બંધ માલસામાન સામાન્ય રીતે ક્યાં દર્શાવવામાં આવે છે?

A. માત્ર વેપાર ખાતાની નામું બાજુ

B. માત્ર સરવૈયાની જવાબદારી બાજુ

C. નફા-નુકસાન ખાતાની જમા બાજુ અને સંપત્તિ બાજુ

D. વેપાર ખાતાની જમા બાજુ અને સરવૈયાની સંપત્તિ બાજુ

14. વર્ષના અંતે બાકી રહેલો પગાર કેવી રીતે ગણવામાં આવે છે?

A. પગાર ખર્ચમાંથી બાદ કરીને સંપત્તિ તરીકે

B. પગાર ખર્ચમાં ઉમેરીને ચાલુ જવાબદારી તરીકે

C. વેચાણમાં ઉમેરીને આવક તરીકે

D. મૂડીમાંથી બાદ કરીને ઉપાડ તરીકે

15. ઘસારો વસૂલવાનો મુખ્ય હેતુ કયો છે?

A. સંપત્તિનું બજાર મૂલ્ય દર્શાવવું

B. સંપત્તિ ખરીદવા માટે રોકડ ભેગી કરવી

C. ઘસારાપાત્ર સંપત્તિની કિંમતને તેના ઉપયોગી જીવનકાળ દરમિયાન વહેંચવી

D. માલિકની મૂડીમાં વધારો કરવો

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

16. નીચેમાંથી કયો મૂડીગત ખર્ચ છે?

A. નવી મશીન ખરીદવાનો ખર્ચ
B. નિયમિત મરામત ખર્ચ
C. કર્મચારીઓનો માસિક પગાર
D. વીજળી ખર્ચ

17. મશીનને કાર્યરત સ્થિતિમાં જાળવવા માટે કરવામાં આવેલ સામાન્ય મરામત ખર્ચ શું છે?

A. મૂડીગત આવક
B. મહેસૂલી ખર્ચ
C. મૂડીગત ખર્ચ
D. વિલંબિત આવક

18. અનુકૂળ રોકડપોથી બેલેન્સથી બેંક મેળવણી પત્રક બનાવતાં જારી કરેલો પરંતુ બેંકમાં રજૂ ન થયેલો ચેક શું કરવામાં આવે?

A. ઉમેરવામાં આવે
B. બાદ કરવામાં આવે
C. અવગણવામાં આવે
D. બે વખત ઉમેરવામાં આવે

19. બેંકે વસૂલ કરેલો ખર્ચ માત્ર પાસબુકમાં નોંધાયો હોય તો સુધારેલી રોકડપોથી તૈયાર કરતી વખતે શું કરવું?

A. રોકડપોથી બેલેન્સમાં ઉમેરવું
B. કોઈ નોંધ ન કરવી
C. રોકડપોથી બેલેન્સમાંથી બાદ કરવું
D. મૂડી ખાતામાં જમા કરવું

20. પાસબુકમાં અનુકૂળ બેંક બેલેન્સ સામાન્ય રીતે કેવું હોય છે?

A. નામું બેલેન્સ
B. શૂન્ય બેલેન્સ
C. ખર્ચ બેલેન્સ
D. જમા બેલેન્સ

21. ભાગીદારી કરારમાં નફા વહેંચણીનો ઉલ્લેખ ન હોય, તો ભાગીદારો નફો કેવી રીતે વહેંચશે?

A. મૂડીના પ્રમાણમાં
B. વરિષ્ઠતાના પ્રમાણમાં
C. સમાન પ્રમાણમાં
D. મહેનતના કલાકના પ્રમાણમાં

22. ભાગીદારો પાસેથી વસૂલ કરાયેલ ઉપાડ પરનું વ્યાજ પેઢી માટે શું છે?

A. ખર્ચ
B. જવાબદારી
C. સંપત્તિનું નુકસાન
D. આવક

23. સ્થિર મૂડી પદ્ધતિમાં પગાર, વ્યાજ, ઉપાડ અને નફાનો ભાગ સામાન્ય રીતે કયા ખાતામાં નોંધાય છે?

A. ભાગીદારના ચાલુ ખાતામાં
B. ભાગીદારના મૂડી ખાતામાં જ
C. વસૂલાત ખાતામાં
D. રોકડ ખાતામાં

24. ભાગીદારોને મૂડી પર વ્યાજ, પગાર અને નફાનો હિસ્સો દર્શાવવા કયું ખાતું તૈયાર થાય છે?

A. વેપાર ખાતું
B. નફા-નુકસાન વિનિયોજન ખાતું
C. વસૂલાત ખાતું
D. પુનર્મૂલ્યાંકન ખાતું

25. નવા ભાગીદારના પ્રવેશ સમયે જૂના ભાગીદારોને સામાન્ય રીતે શેના માટે વળતર મળે છે?

A. તેમના બલિદાન અને ગુડવિલના હિસ્સા માટે
B. માત્ર મૂડી પર વ્યાજ માટે
C. તમામ જવાબદારી દૂર કરવા માટે
D. પેઢીનું વિસર્જન કરવા માટે

26. બલિદાનનું પ્રમાણ કેવી રીતે ગણાય છે?

A. નવું પ્રમાણ − જૂનું પ્રમાણ
B. જૂનું પ્રમાણ + નવું પ્રમાણ
C. જૂનું પ્રમાણ − નવું પ્રમાણ
D. લાભનું પ્રમાણ − જૂનું પ્રમાણ

27. પુનર્મૂલ્યાંકન દરમિયાન સંપત્તિના મૂલ્યમાં વધારો થાય, તો કઈ નોંધ થશે?

A. પુનર્મૂલ્યાંકન ખાતું નામું અને સંપત્તિ ખાતું જમા
B. સંપત્તિ ખાતું નામું અને પુનર્મૂલ્યાંકન ખાતું જમા
C. રોકડ ખાતું નામું અને મૂડી ખાતું જમા
D. મૂડી ખાતું નામું અને સંપત્તિ ખાતું જમા

28. છેલ્લાં ત્રણ વર્ષના નફા ₹60,000, ₹70,000 અને ₹80,000 છે. ત્રણ વર્ષની ખરીદીના આધારે સરેરાશ નફા પદ્ધતિથી ગુડવિલ કેટલી થશે?

A. ₹70,000
B. ₹1,40,000
C. ₹1,80,000
D. ₹2,10,000

29. A અને B નફો 3:2ના પ્રમાણમાં વહેંચે છે. Cને 1/5 હિસ્સા માટે પ્રવેશ આપવામાં આવે છે અને Cનો હિસ્સો A તથા B સમાન રીતે બલિદાન આપે છે. નવું પ્રમાણ કયું થશે?

A. 3:2:1
B. 4:3:2
C. 5:4:1
D. 5:3:2

30. નિવૃત્તિ સમયે લાભનું પ્રમાણ કેવી રીતે ગણાય છે?

A. નવું પ્રમાણ − જૂનું પ્રમાણ
B. જૂનું પ્રમાણ − નવું પ્રમાણ
C. નિવૃત્ત ભાગીદારનો હિસ્સો ÷ જૂનું પ્રમાણ
D. નવું પ્રમાણ + જૂનું પ્રમાણ

31. વર્ષ દરમિયાન ભાગીદારનું મૃત્યુ થાય અને વેચાણ સમાન રીતે થતું હોય, તો મૃત્યુ તારીખ સુધીનો નફાનો હિસ્સો સામાન્ય રીતે કયા આધારે ગણાઈ શકે?

A. માત્ર મૂડીના આધારે
B. સમયના આધારે
C. માત્ર ઉપાડના આધારે
D. માત્ર ગુડવિલના આધારે

32. ભાગીદારી પેઢીના વિસર્જન સમયે સંપત્તિના વેચાણ અને જવાબદારીની ચુકવણી નોંધવા કયું ખાતું તૈયાર થાય છે?

A. પુનર્મૂલ્યાંકન ખાતું
B. નફા-નુકસાન વિનિયોજન ખાતું
C. વસૂલાત ખાતું
D. ભાગીદારોનું ચાલુ ખાતું

33. પુસ્તકોમાં નોંધાયેલી ન હોય તેવી સંપત્તિ વિસર્જન સમયે રોકડેથી વેચાય તો કઈ નોંધ થશે?

A. વસૂલાત ખાતું નામું અને રોકડ ખાતું જમા
B. રોકડ ખાતું નામું અને વસૂલાત ખાતું જમા
C. સંપત્તિ ખાતું નામું અને વસૂલાત ખાતું જમા
D. રોકડ ખાતું નામું અને મૂડી ખાતું જમા

34. ગાર્નર વિરુદ્ધ મરેના નિયમ મુજબ, કરારમાં વિપરીત જોગવાઈ ન હોય અને મૂડી સ્થિર હોય, તો નાદાર ભાગીદારની મૂડી ખોટ દ્રાવક ભાગીદારો કેવી રીતે વહેંચે છે?

A. નફા-નુકસાનના જૂના પ્રમાણમાં
B. સમાન પ્રમાણમાં
C. નવા નફા-નુકસાનના પ્રમાણમાં
D. છેલ્લે સંમત થયેલી મૂડીના પ્રમાણમાં

51 Income Tax Axt & GST

TOTAL QUESTION : 100

01. Income-tax Act, 2025 કઈ તારીખથી અમલમાં આવ્યો?

A. 1 એપ્રિલ 2026 B. 1 એપ્રિલ 2025

C. 1 જુલાઈ 2026 D. 1 જાન્યુઆરી 2026

02. નવા Income-tax Act, 2025માં 'Previous Year'ના સ્થાને કયો શબ્દ વપરાય છે?

A. Accounting Year B. Tax Year

C. Revenue Year D. Return Year

03. સામાન્ય રીતે 'Tax Year' એટલે કેટલો સમયગાળો?

A. 6 મહિના B. 9 મહિના

C. નાણાકીય વર્ષના 12 મહિના D. 18 મહિના

04. Income-tax Act, 2025 હેઠળ આવકવેરો મુખ્યત્વે શેના પર વસૂલાય છે?

A. કુલ વેચાણ પર

B. કુલ સંપત્તિ પર

C. કુલ ખર્ચ પર

D. વ્યક્તિની Tax Yearની કુલ આવક પર

05. નવા કર-વ્યવસ્થાના સંદર્ભમાં કયું વિધાન સાચું છે?

A. નવી કર-વ્યવસ્થા સામાન્ય રીતે ડિફૉલ્ટ વ્યવસ્થા છે

B. જૂની કર-વ્યવસ્થા જ ફરજિયાત છે

C. બંને વ્યવસ્થા સંપૂર્ણપણે રદ થઈ ગઈ છે

D. નવી વ્યવસ્થા માત્ર કંપનીઓ માટે છે

06. આવકવેરા હેઠળ આવકના મુખ્ય મથકો કેટલા છે?

A. ચાર B. પાંચ

C. છ D. સાત

07. નોકરીદાતા-કર્મચારી સંબંધમાંથી મળતી આવક સામાન્ય રીતે કયા મથક હેઠળ આવે છે?

A. મૂડીલાભ B. અન્ય સ્રોતોની આવક

C. પગારમાંથી આવક D. ગૃહસંપત્તિની આવક

08. મકાનની માલિકીથી કરપાત્ર થતી આવક સામાન્ય રીતે કયા મથક હેઠળ ગણાય છે?

A. પગાર B. વ્યવસાય

C. અન્ય સ્રોત D. ગૃહસંપત્તિની આવક

09. વેપાર અથવા વ્યવસાય ચલાવવાથી મળતો નફો કયા મથક હેઠળ આવે છે?

A. વ્યવસાય/વ્યવસાયિક પ્રવૃત્તિનો નફો B. પગારમાંથી આવક

C. ગૃહસંપત્તિની આવક D. મૂડીલાભ

10. મૂડી સંપત્તિના હસ્તાંતરણથી થતો નફો સામાન્ય રીતે કયા મથક હેઠળ આવે છે?

A. પગાર B. મૂડીલાભ

C. અન્ય સ્રોત D. ગૃહસંપત્તિ

11. અન્ય ચાર વિશિષ્ટ મથકોમાં ન આવતી કરપાત્ર આવક સામાન્ય રીતે ક્યાં ગણાય છે?

A. પગાર B. ગૃહસંપત્તિ

C. અન્ય સ્રોતોની આવક D. મૂડીલાભ

12. વ્યક્તિનું રહેઠાણનું દરજ્જું–Resident કે Non-resident–કેવી રીતે નક્કી થાય છે?

A. જીવનમાં માત્ર એક વખત

B. PAN મેળવતી વખતે

C. જન્મસ્થળના આધારે

D. દરેક સંબંધિત Tax Year માટે અલગથી

13. વ્યક્તિની મૂળભૂત રહેઠાણ કસોટીમાં સામાન્ય રીતે કયો રોકાણ સમય મહત્વનો છે?

A. સંબંધિત વર્ષમાં 182 દિવસ કે તેથી વધુ

B. 30 દિવસ

C. 90 દિવસ

D. 120 દિવસ જ

14. કોઈ કંપનીને ભારતમાં Resident ગણવા માટે કઈ સ્થિતિ લાગુ પડી શકે?

A. ભારતમાં માત્ર એક ગ્રાહક હોવો

B. તે Indian company હોય અથવા તેનું POEM ભારતમાં હોય

C. કંપનીનું નામ ભારતીય ભાષામાં હોય

D. કંપની ભારતમાં જાહેરાત કરતી હોય

15. Non-residentની કરપાત્ર આવક નક્કી કરવામાં મુખ્યત્વે કઈ બાબત મહત્વની છે?

A. તેની વિશ્વભરની તમામ આવક હંમેશાં

B. માત્ર વિદેશની પગાર આવક

C. ભારતમાં પ્રાપ્ત અથવા ભારતમાં ઉપાર્જિત/ઉપાર્જિત ગણાતી આવક

D. માત્ર કૃષિ આવક

16. PANનો મુખ્ય હેતુ શું છે?

A. નાગરિકતા સાબિત કરવી

B. મતદાનની પરવાનગી આપવી

C. વ્યવસાયનું લાઈસન્સ આપવું

D. કરદાતાને વિશિષ્ટ કર-ઓળખ આપવી

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

17. TDSનો અર્થ શું છે?

A. આવકના ચુકવનાર દ્વારા સ્રોત પર કર કપાત

B. કરદાતા દ્વારા સ્વૈચ્છિક દાન

C. સંપત્તિનું મૂલ્યાંકન

D. GSTનું રિફંડ

18. TCSમાં સામાન્ય રીતે શું થાય છે?

A. ખરીદનાર વેરો માફ કરે છે

B. નિર્દિષ્ટ વ્યવહારમાં વેચનાર કર વસૂલે છે

C. બેંક આવકવેરો પરત કરે છે

D. સરકાર મૂડીલાભ રદ કરે છે

19. વર્તમાન કાયદા મુજબ અંદાજિત કર જવાબદારી કેટલી કે તેથી વધુ હોય ત્યારે સામાન્ય રીતે Advance Tax લાગુ પડે છે?

A. ₹5,000 B. ₹7,500

C. ₹10,000 D. ₹25,000

20. Self-assessment taxનો અર્થ શું છે?

A. અધિકારી દ્વારા લાદવામાં આવેલ દંડ

B. માત્ર TDSની રકમ

C. GST હેઠળ ભરેલો વેરો

D. કરદાતાએ ગણતરી કરીને બાકી રહેલો આવકવેરો ભરવો

21. Gross Total Income એટલે શું?

A. માન્ય કપાત પહેલાં વિવિધ મથકોની આવકનું એકત્રીકરણ

B. માત્ર પગારની આવક

C. તમામ ખર્ચ બાદનું વેચાણ

D. માત્ર કરમુક્ત આવક

22. Total Income સામાન્ય રીતે કેવી રીતે ગણાય છે?

A. Gross Total Incomeમાં દંડ ઉમેરીને

B. Gross Total Incomeમાંથી માન્ય કપાત ઘટાડીને

C. માત્ર TDS ઘટાડીને

D. તમામ કરમુક્ત આવક ઉમેરીને

23. એક જ આવકના મથકમાં એક સ્રોતની ખોટને બીજા સ્રોતની આવક સામે સમાયોજિત કરવાને શું કહે છે?

A. Clubbing B. Carry forward

C. Intra-head set-off D. Reassessment

24. માન્ય ખોટને આગામી વર્ષોમાં લઈ જવાની પ્રક્રિયા કઈ છે?

A. Tax deduction

B. Tax collection

C. Clubbing

D. Carry forward of loss

25. સગીર બાળકની આવક સામાન્ય નિયમ મુજબ કોની આવકમાં જોડાઈ શકે છે?

A. માતા અથવા પિતાની આવકમાં, લાગુ અપવાદોને આધીન

B. હંમેશાં દાદાની આવકમાં

C. કંપનીની આવકમાં

D. કોઈની આવકમાં નહીં

26. ભારતમાં થયેલી વાસ્તવિક કૃષિ આવક અંગે સામાન્ય નિયમ કયો છે?

A. હંમેશાં પગાર તરીકે કરપાત્ર છે

B. નિયત શરતો હેઠળ આવકવેરામાં મુક્ત છે

C. GST હેઠળ કરપાત્ર છે

D. મૂડીલાભ તરીકે કરપાત્ર છે

27. Capital receipt અંગે કયું વિધાન યોગ્ય છે?

A. દરેક capital receipt ફરજિયાત કરમુક્ત હોય છે

B. દરેક capital receipt પગાર છે

C. તેની કરપાત્રતા કાયદાની ચોક્કસ જોગવાઈ પર આધારિત છે

D. તે હંમેશાં GST હેઠળ આવે છે

28. 'Assessee'નો સૌથી યોગ્ય અર્થ કયો છે?

A. માત્ર પગારદાર વ્યક્તિ

B. માત્ર ભારતીય કંપની

C. માત્ર રિટર્ન ભરનાર વ્યક્તિ

D. કર અથવા અન્ય રકમ માટે જવાબદાર અથવા જેની સામે કાર્યવાહી ચાલી રહી હોય તેવી વ્યક્તિ

29. આવકવેરા કાયદા હેઠળ 'Person'માં કોણ સામેલ થઈ શકે?

A. Individual, HUF, company, firm, AOP/BOI, local authority અને artificial juridical person

B. માત્ર જીવિત વ્યક્તિ

C. માત્ર કંપની અને ભાગીદારી પેઢી

D. માત્ર ભારતનો નાગરિક

30. Tax evasion એટલે શું?

A. કાયદેસર કરછૂટનો ઉપયોગ

B. આવક છુપાવી અથવા ખોટી માહિતી આપી કર ટાળવો

C. સમયસર રિટર્ન ભરવું

D. Advance Tax ભરવો

31. Tax avoidance અંગે સૌથી યોગ્ય વિધાન કયું છે?

A. તે હંમેશાં ફોજદારી ગુનો છે

B. તે કર ચૂકવવાની સ્વૈચ્છિક પદ્ધતિ છે

C. કાયદાના સ્વરૂપનો ઉપયોગ કરીને કર ઘટાડવાનો પ્રયાસ છે, જે anti-avoidance નિયમોને આધીન હોઈ શકે

D. તે TDSનું બીજું નામ છે

32. Tax planning એટલે શું?

A. આવક છુપાવવી

B. ખોટા ખર્ચ બતાવવા

C. રિટર્ન ન ભરવું

D. કાયદાની મર્યાદામાં કરબોજનું આયોજન કરવું

33. Income-tax return મુખ્યત્વે શું દર્શાવે છે?

A. કરદાતાની આવક, કપાત, કર અને સંબંધિત વિગતો

B. માત્ર બેંક બેલેન્સ

C. માત્ર સ્થાવર મિલકત

D. માત્ર GST વેચાણ

56 COST AND MANAGEMENT ACCOUNTING -1

TOTAL QUESTION : 100

01. ખર્ચ હિસાબનો મુખ્ય હેતુ કયો છે?
A. માત્ર રોકડ સિલક શોધવી
B. માત્ર નાણાકીય નફો શોધવો
C. ખર્ચ નિર્ધારણ અને નિયંત્રણ કરવું
D. માત્ર કરની ગણતરી કરવી

02. ખર્ચ માપવા માટે પસંદ કરવામાં આવેલા ઉત્પાદન અથવા સેવાના માપને શું કહેવાય?
A. ખર્ચ પત્રક
B. નફા કેન્દ્ર
C. ખર્ચ એકમ
D. જવાબદારી કેન્દ્ર

03. જે સ્થળ, વ્યક્તિ કે સાધન માટે ખર્ચ એકત્ર કરવામાં આવે તેને શું કહેવાય?
A. ખર્ચ એકમ
B. ખર્ચ કેન્દ્ર
C. નફા કેન્દ્ર
D. રોકાણ કેન્દ્ર

04. કોઈ ચોક્કસ ઉત્પાદન સાથે સીધી રીતે ઓળખી શકાય તેવી સામગ્રી કઈ છે?
A. પરોક્ષ સામગ્રી
B. પ્રત્યક્ષ સામગ્રી
C. સામાન્ય સામગ્રી
D. વહીવટી સામગ્રી

05. કારખાનાના સુપરવાઈઝરનો પગાર કયા પ્રકારનો ખર્ચ છે?
A. પ્રત્યક્ષ સામગ્રી
B. પ્રત્યક્ષ શ્રમ
C. પ્રત્યક્ષ ખર્ચ
D. પરોક્ષ શ્રમ

06. કારખાનાની ઈમારતનું ભાડું કયા વર્ગમાં આવશે?
A. કારખાના પરોક્ષ ખર્ચ
B. વેચાણ પરોક્ષ ખર્ચ
C. વહીવટી પરોક્ષ ખર્ચ
D. વિતરણ પરોક્ષ ખર્ચ

07. ઉત્પાદનનું પ્રમાણ વધે ત્યારે પ્રતિએકમ સ્થિર ખર્ચમાં સામાન્ય રીતે શું થાય છે?
A. સતત વધારો થાય છે
B. કોઈ ફેરફાર થતો નથી
C. ઘટાડો થાય છે
D. પહેલા વધે પછી ઘટે છે

08. પ્રવૃત્તિના સંબંધિત વિસ્તારમાં પ્રતિએકમ ચલ ખર્ચ સામાન્ય રીતે કેવો રહે છે?
A. સતત વધતો રહે છે
B. લગભગ સ્થિર રહે છે
C. સતત ઘટતો રહે છે
D. શૂન્ય થઈ જાય છે

09. સ્થિર અને ચલ બંને તત્ત્વ ધરાવતા ખર્ચને શું કહેવાય?
A. પ્રત્યક્ષ ખર્ચ
B. તક ખર્ચ
C. અર્ધચલ ખર્ચ
D. ડૂબેલો ખર્ચ

10. પ્રત્યક્ષ સામગ્રી, પ્રત્યક્ષ શ્રમ અને પ્રત્યક્ષ ખર્ચનો કુલ સરવાળો શું છે?
A. કારખાના ખર્ચ
B. ઉત્પાદન ખર્ચ
C. પ્રાથમિક ખર્ચ
D. વેચાણ ખર્ચ

11. પ્રાથમિક ખર્ચમાં કારખાના પરોક્ષ ખર્ચ ઉમેરવાથી શું મળે છે?
A. વેચાણ ખર્ચ
B. કુલ ખર્ચ
C. ઉત્પાદન ખર્ચ
D. કારખાના ખર્ચ

12. કારખાના ખર્ચમાં ઉત્પાદન સંબંધિત વહીવટી ખર્ચ ઉમેરવાથી શું મળે છે?
A. પ્રાથમિક ખર્ચ
B. વેચાણ ખર્ચ
C. ઉત્પાદન ખર્ચ
D. વિતરણ ખર્ચ

13. ઉત્પાદન ખર્ચમાં તૈયાર માલનો શરૂઆતનો જથ્થો ઉમેરી અને અંતિમ જથ્થો ઘટાડવાથી શું મળે છે?
A. કારખાના ખર્ચ
B. વેચાયેલા માલનો ખર્ચ
C. પ્રાથમિક ખર્ચ
D. કુલ વેચાણ

14. વેચાયેલા માલના ખર્ચમાં વેચાણ અને વિતરણ ખર્ચ ઉમેરવાથી શું મળે છે?
A. ઉત્પાદન ખર્ચ
B. કારખાના ખર્ચ
C. પ્રાથમિક ખર્ચ
D. વેચાણ ખર્ચ

15. કુલ ખર્ચ ₹4,00,000 અને નફો ₹80,000 હોય તો વેચાણમૂલ્ય કેટલું થશે?
A. ₹3,20,000
B. ₹4,80,000
C. ₹4,20,000
D. ₹5,00,000

16. કોસ્ટ શીટ તૈયાર કરવાનો મુખ્ય હેતુ કયો છે?
A. ખર્ચના વિવિધ તત્ત્વો દર્શાવવા
B. માત્ર રોકડ વ્યવહારો દર્શાવવા
C. માત્ર સંપત્તિઓ દર્શાવવા
D. માત્ર જવાબદારીઓ દર્શાવવા

17. કોઈ ઉત્પાદન અથવા સેવાનો ખર્ચ શોધવાની પ્રક્રિયાને શું કહેવાય?
A. ખર્ચ ઘટાડો
B. ખર્ચ નિયંત્રણ
C. ખર્ચ નિર્ધારણ
D. ખર્ચ અંદાજ

18. સંપૂર્ણ પરોક્ષ ખર્ચ એક જ ખર્ચ કેન્દ્ર સાથે જોડાય તો કઈ પ્રક્રિયા થાય છે?
A. ખર્ચ શોષણ
B. ખર્ચ પુનર્વિતરણ
C. ખર્ચ ફાળવણી
D. ખર્ચ વહેંચણી

19. સામાન્ય પરોક્ષ ખર્ચ અનેક ખર્ચ કેન્દ્રોમાં યોગ્ય આધારે વહેંચવામાં આવે તેને શું કહેવાય?
A. ખર્ચ વહેંચણી
B. ખર્ચ ફાળવણી
C. ખર્ચ શોષણ
D. ખર્ચ ઘટાડો

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

20. પરોક્ષ ખર્ચને ઉત્પાદન અથવા કામ પર ચઢાવવાની પ્રક્રિયા કઈ છે?

A. ખર્ચ શોષણ
B. ખર્ચ ફાળવણી
C. ખર્ચ વર્ગીકરણ
D. ખર્ચ એકત્રીકરણ

21. વાસ્તવિક પરોક્ષ ખર્ચ શોષિત ખર્ચ કરતાં વધારે હોય તો કઈ સ્થિતિ થાય છે?

A. વધુ શોષણ
B. સામાન્ય શોષણ
C. સંપૂર્ણ શોષણ
D. ઓછું શોષણ

22. માલસંગ્રહ વિભાગમાંથી ઉત્પાદન વિભાગને સામગ્રી આપવા કયો દસ્તાવેજ વપરાય છે?

A. સામગ્રી માગપત્ર
B. ખરીદી હુકમ
C. માલ પ્રાપ્તિ નોંધ
D. માલ પરત નોંધ

23. માલસંગ્રહની આવક, જાવક અને જથ્થાની માત્રા કયા પત્રકમાં નોંધાય છે?

A. બિન કાર્ડ
B. ખર્ચ પત્રક
C. કામ પત્રક
D. વેતન પત્રક

24. સામગ્રીની માત્રા સાથે તેનું મૂલ્ય પણ કયા હિસાબમાં નોંધાય છે?

A. બિન કાર્ડ
B. સ્ટોર્સ લેજર
C. માલ પ્રાપ્તિ નોંધ
D. ખરીદી માગપત્ર

25. આર્થિક હુકમ જથ્થાનો મુખ્ય હેતુ કયો છે?

A. ખરીદી કિંમત વધારવી
B. માલસંગ્રહ સંપૂર્ણ દૂર કરવો
C. હુકમ અને સંગ્રહ ખર્ચ ઘટાડવો
D. ઉત્પાદન હંમેશાં બંધ રાખવું

26. પુનઃહુકમ સ્તર સામાન્ય રીતે કેવી રીતે ગણાય છે?

A. લઘુતમ વપરાશ × લઘુતમ સમય
B. મહત્તમ વપરાશ × મહત્તમ સમય
C. સરેરાશ વપરાશ × સરેરાશ સમય
D. મહત્તમ વપરાશ × લઘુતમ સમય

27. મહત્તમ જથ્થા સ્તરની ગણતરી માટે કયું સૂત્ર યોગ્ય છે?

A. પુનઃહુકમ સ્તર + હુકમ જથ્થો — લઘુતમ વપરાશ
B. પુનઃહુકમ સ્તર — હુકમ જથ્થો + મહત્તમ વપરાશ
C. લઘુતમ સ્તર + સરેરાશ જથ્થો — હુકમ જથ્થો
D. જોખમ સ્તર + હુકમ જથ્થો — સરેરાશ વપરાશ

28. પ્રથમ આવેલ પ્રથમ બહાર પદ્ધતિમાં કઈ સામગ્રી પહેલાં આપવામાં આવે છે?

A. સૌથી જૂની સામગ્રી
B. સૌથી નવી સામગ્રી
C. સૌથી મોંઘી સામગ્રી
D. સૌથી સસ્તી સામગ્રી

29. અલગ કિંમતે ખરીદાયેલી સામગ્રીની સરેરાશ કિંમત માટે કઈ પદ્ધતિ વધુ યોગ્ય છે?

A. પ્રમાણિત કિંમત પદ્ધતિ
B. ભારિત સરેરાશ પદ્ધતિ
C. છેલ્લું આવેલ પ્રથમ બહાર
D. બદલી કિંમત પદ્ધતિ

30. પ્રક્રિયામાં થતી સામાન્ય ખોટનો ખર્ચ કોણ વહન કરે છે?

A. સારા ઉત્પાદનના એકમો
B. અસામાન્ય ખોટનું ખાતું
C. અલગ ખર્ચ કેન્દ્ર
D. વેચાણ વિભાગ

31. અસામાન્ય પ્રક્રિયા ખોટ સામાન્ય રીતે ક્યાં ખસેડવામાં આવે છે?

A. ઉત્પાદન ખાતામાં
B. તૈયાર માલ ખાતામાં
C. નફા-નુકસાન ખાતામાં
D. રોકડ ખાતામાં

32. સમય આધારિત વેતન પદ્ધતિમાં વેતન કયા આધારે મળે છે?

A. ઉત્પાદિત એકમો
B. માલસંગ્રહનું મૂલ્ય
C. કામ કરેલા કલાકો
D. વેચાણની રકમ

33. ટુકડાદર વેતન પદ્ધતિમાં વેતન કયા આધારે નક્કી થાય છે?

A. હાજરીના દિવસો
B. ઉત્પાદિત એકમો
C. કર્મચારીની ઉંમર
D. કારખાનાની ક્ષમતા

34. વીજળી બંધ થવાથી થયેલો અસામાન્ય નિષ્ક્રિય સમયનો ખર્ચ સામાન્ય રીતે ક્યાં જાય છે?

A. પ્રત્યક્ષ શ્રમમાં
B. નફા-નુકસાન ખાતામાં
C. પ્રાથમિક ખર્ચમાં
D. માલસંગ્રહ ખાતામાં

35. કર્મચારીઓના આવવા અને છૂટા થવાના પ્રમાણને શું કહેવાય?

A. શ્રમ કાર્યક્ષમતા
B. શ્રમ ફેરબદલી
C. શ્રમ શોષણ
D. શ્રમ ક્ષમતા

36. ચોક્કસ ગ્રાહકના તાત્કાલિક કામ માટે વધારાનો સમય કરાવ્યો હોય તો વધારાનું પ્રીમિયમ ક્યાં ચઢાવી શકાય?

A. સામાન્ય પરોક્ષ ખર્ચમાં
B. સંબંધિત કામના ખર્ચમાં
C. વહીવટી ખર્ચમાં
D. વેચાણ ખર્ચમાં

37. પરોક્ષ ખર્ચને ઉત્પાદન અને સેવા વિભાગોમાં પ્રથમ વખત વહેંચવાની પ્રક્રિયા કઈ છે?

A. પ્રાથમિક વહેંચણી
B. ગૌણ વહેંચણી
C. ખર્ચ શોષણ
D. ખર્ચ નિયંત્રણ

38. સેવા વિભાગો એકબીજાને સેવા આપે ત્યારે કઈ પદ્ધતિ ઉપયોગી બની શકે છે?

A. સીધી વહેંચણી
B. પુનરાવર્તિત વહેંચણી
C. એકમ ખર્ચ પદ્ધતિ
D. કામ ખર્ચ પદ્ધતિ

39. મશીન આધારિત ઉત્પાદન વિભાગમાં પરોક્ષ ખર્ચ શોષવા કયો દર વધુ યોગ્ય છે?

A. પ્રત્યક્ષ વેતન દર
B. ઉત્પાદન એકમ દર
C. મશીન કલાક દર
D. સામગ્રી કિંમત દર

40. આખા કારખાના માટે એક જ પરોક્ષ ખર્ચ દર વપરાય તેને શું કહેવાય?

A. વિભાગીય દર
B. મશીન કલાક દર
C. શ્રમ કલાક દર
D. એકંદર દર

41. એકસરખા પ્રકારનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરતી સંસ્થા માટે કઈ પદ્ધતિ યોગ્ય છે?

A. એકમ ખર્ચ પદ્ધતિ
B. કામ ખર્ચ પદ્ધતિ
C. સેવા ખર્ચ પદ્ધતિ
D. બેચ ખર્ચ પદ્ધતિ

LAKSHYAM ACADEMY — સંકલ્પ થી સફળતા સુધી

61 Accounting and Finance Computer Applications – Tally -1

TOTAL QUESTION : 100

01. ટેલીપ્રાઇમનો મુખ્ય ઉપયોગ કયો છે?
A. માત્ર દસ્તાવેજ લખવા માટે
B. વ્યવસાયિક હિસાબ અને જથ્થા સંચાલન માટે
C. માત્ર કર્મચારીઓની હાજરી નોંધવા માટે
D. ચિત્ર અને રચના તૈયાર કરવા માટે

02. ટેલીપ્રાઇમમાં 'કંપની' મુખ્યત્વે શાનું પ્રતિનિધિત્વ કરે છે?
A. વ્યવસાયના સમગ્ર હિસાબી માહિતીભંડારનું
B. માત્ર વ્યવસાયના સરનામાનું
C. માત્ર માલિકના મૂડી ખાતાનું
D. માત્ર વેચાણ ભરતિયાંના સંગ્રહનું

03. એક કરતાં વધારે વ્યવસાયના હિસાબ અલગ રાખવા માટે શું કરી શકાય?
A. દરેક વ્યવસાય માટે અલગ વપરાશકર્તા બનાવવો
B. દરેક વ્યવસાય માટે અલગ ચલણ રાખવું
C. દરેક વ્યવસાય માટે અલગ કંપની બનાવવી
D. બધા વ્યવહાર એક જ કંપનીમાં નોંધવા

04. અનેક કંપનીઓના સંકલિત અહેવાલ મેળવવા માટે કઈ સુવિધા ઉપયોગી છે?
A. ખર્ચકેન્દ્ર
B. જથ્થા સમૂહ
C. નોંધનો પ્રકાર
D. સમૂહ કંપની

05. કંપની બનાવતી વખતે 'નાણાકીય વર્ષ શરૂ થવાની તારીખ' શું દર્શાવે છે?
A. પ્રથમ વેચાણની તારીખ
B. કંપની સ્થાપનાની તારીખ
C. સંબંધિત નાણાકીય વર્ષની શરૂઆત
D. પ્રથમ રોકડ પ્રાપ્તિની તારીખ

06. કંપનીની રચના વખતે મૂળ ચલણનું ચિહ્ન શા માટે આપવામાં આવે છે?
A. કંપનીનો ઓળખક્રમ દર્શાવવા
B. હિસાબમાં વપરાતું મુખ્ય ચલણ દર્શાવવા
C. કરવેરાનો દર નક્કી કરવા
D. જથ્થાની માપપદ્ધતિ નક્કી કરવા

07. ટેલીપ્રાઇમમાં કંપની સંબંધિત વિકલ્પો ખોલવા માટે સામાન્ય રીતે કઈ ટૂંકી કળ વપરાય છે?
A. Alt+G
B. Ctrl+K
C. Alt+C
D. Alt+K

08. ટેલીપ્રાઇમમાં ભરેલી વિગતો સ્વીકારીને સાચવવા માટે સામાન્ય રીતે કઈ ટૂંકી કળ વપરાય છે?
A. Ctrl+S
B. Ctrl+A
C. Alt+A
D. Shift+S

09. પહેલેથી બનાવેલી કંપનીનું સરનામું અથવા અન્ય વિગતો બદલવા માટે કયો વિકલ્પ વપરાય?
A. કંપની પસંદ કરો
B. કંપનીમાં ફેરફાર કરો
C. કંપની બંધ કરો
D. કંપનીનો બૅકઅપ લો

10. ખુલ્લી કંપનીને કામચલાઉ રીતે બંધ કરવાથી શું થાય છે?
A. કંપની બંધ થાય છે, પરંતુ તેની માહિતી દૂર થતી નથી
B. કંપનીની તમામ નોંધો કાયમ માટે દૂર થાય છે
C. કંપનીનું નામ આપમેળે બદલાઈ જાય છે
D. કંપનીનો હિસાબી ગાળો પૂર્ણ થઈ જાય છે

11. કંપની માહિતીનો સંગ્રહ કયા સ્થાન પર થશે તે કઈ વિગત નક્કી કરે છે?
A. કંપનીનું સરનામું
B. નાણાકીય વર્ષ
C. મૂળ ચલણ
D. માહિતી માર્ગ

12. કંપનીની માહિતીમાં અનધિકૃત પ્રવેશ રોકવા માટે કઈ ગોઠવણી ઉપયોગી છે?
A. જથ્થા વર્ગ
B. ખર્ચકેન્દ્ર
C. વપરાશકર્તા નામ અને પાસવર્ડ
D. નોંધ ક્રમાંકન

13. કંપનીની હિસાબી માહિતી સાંકેતિક સ્વરૂપે સુરક્ષિત રાખવા માટે કઈ સુવિધા ઉપયોગી છે?
A. ખર્ચવર્ગ
B. સમૂહ કંપની
C. ટેલી વોલ્ટ
D. જથ્થા સારાંશ

14. કંપનીની માહિતીની સુરક્ષિત નકલ બનાવવાની પ્રક્રિયા શું કહેવાય?
A. માહિતી આયાત
B. કંપની વિભાજન
C. માહિતી નિકાસ
D. બૅકઅપ

15. બૅકઅપમાં રાખેલી કંપનીની માહિતી ફરી ઉપયોગમાં લેવાની પ્રક્રિયા શું કહેવાય?
A. માહિતી સમન્વય
B. કંપની ફેરફાર
C. માહિતી ચકાસણી
D. પુનઃસ્થાપન

16. ટેલીમાં ખાતાંના સમૂહનો મુખ્ય હેતુ કયો છે?
A. સમાન સ્વભાવનાં ખાતાંનું વર્ગીકરણ કરવું
B. તમામ ખાતાંને એક જ નામ આપવું
C. માત્ર રોકડ ખાતાં અલગ રાખવાં
D. નોંધોને તારીખ પ્રમાણે ગોઠવવી

LAKSHYAM ACADEMY સંકલ્પ થી સફળતા સુધી

17. વ્યવસાયના કોઈ વ્યક્તિગત ખાતા અથવા ચોક્કસ હિસાબી મથાળાને શું કહેવાય?

A. નોંધનો પ્રકાર
B. ખર્ચવર્ગ
C. ખાતું
D. જથ્થા સમૂહ

18. ટેલીપ્રાઇમમાં મૂળભૂત રીતે ઉપલબ્ધ બે ખાતાં કયાં છે?

A. મૂડી ખાતું અને વેચાણ ખાતું
B. ખરીદી ખાતું અને બેન્ક ખાતું
C. રોકડ ખાતું અને નફા-નુકસાન ખાતું
D. દેવાદાર ખાતું અને લેણદાર ખાતું

19. ઉધાર વેચાણ કરાતા ગ્રાહકનું ખાતું સામાન્ય રીતે કયા સમૂહ હેઠળ બનાવાય?

A. વિવિધ દેવાદારો
B. વિવિધ લેણદારો
C. ચાલુ જવાબદારીઓ
D. વેચાણ ખાતાં

20. ઉધાર ખરીદી કરાતા સપ્લાયરનું ખાતું સામાન્ય રીતે કયા સમૂહ હેઠળ બનાવાય?

A. ખરીદી ખાતાં
B. ચાલુ મિલકતો
C. વિવિધ લેણદારો
D. વિવિધ દેવાદારો

21. વ્યવસાયનું સામાન્ય બેન્ક ખાતું કયા સમૂહ હેઠળ બનાવવામાં આવે છે?

A. ચાલુ મિલકતો
B. બેન્ક ખાતાં
C. રોકડ ખાતું
D. લેણાં અને ધિરાણ

22. યંત્રસામગ્રીનું ખાતું કયા સમૂહ હેઠળ બનાવવું જોઈએ?

A. સ્થિર મિલકતો
B. ચાલુ મિલકતો
C. સીધા ખર્ચ
D. પરોક્ષ ખર્ચ

23. માલિકના મૂડી ખાતાને સામાન્ય રીતે કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. ચાલુ જવાબદારીઓ
B. મૂડી ખાતું
C. અનામત અને વધિયારો
D. વિવિધ દેવાદારો

24. કચેરીના કર્મચારીઓનું વેતન સામાન્ય રીતે કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. પરોક્ષ ખર્ચ
B. સીધા ખર્ચ
C. ચાલુ જવાબદારીઓ
D. ખરીદી ખાતાં

25. ઉત્પાદન સાથે સીધી રીતે સંકળાયેલા કારખાનાના કામદારોની મજૂરી સામાન્ય રીતે કયા સમૂહમાં આવે છે?

A. સીધા ખર્ચ
B. પરોક્ષ ખર્ચ
C. ચાલુ મિલકતો
D. વેચાણ ખાતાં

26. માલના વેચાણ માટે બનાવેલું ખાતું કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. વેચાણ ખાતાં
B. સીધી આવક
C. પરોક્ષ આવક
D. ચાલુ મિલકતો

27. વેપાર માટે ખરીદેલા માલનું ખાતું કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. સીધા ખર્ચ
B. ચાલુ મિલકતો
C. વેચાણ ખાતાં
D. ખરીદી ખાતાં

28. મિલકતના જામીન સામે લેવાયેલ બેન્ક ધિરાણ કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. બેન્ક ખાતાં
B. ચાલુ જવાબદારીઓ
C. જામીનયુક્ત ધિરાણ
D. જામીનવિહોણું ધિરાણ

29. કોઈ જામીન આપ્યા વગર લેવાયેલ લાંબા ગાળાનું ધિરાણ કયા સમૂહ હેઠળ રાખવામાં આવે છે?

A. ચાલુ જવાબદારીઓ
B. વિવિધ લેણદારો
C. બેન્ક ઓવરડ્રાફ્ટ
D. જામીનવિહોણું ધિરાણ

30. માલ અને સેવા કર સંબંધિત ખાતાં સામાન્ય રીતે કયા સમૂહ હેઠળ બનાવાય છે?

A. ચાલુ મિલકતો
B. પરોક્ષ ખર્ચ
C. કર અને ફરજો
D. વિવિધ લેણદારો

31. માલિકના વ્યક્તિગત ઉપાડની નોંધ સામાન્ય રીતે કયા ખાતા સાથે જોડાય છે?

A. મૂડી ખાતું
B. પરોક્ષ ખર્ચ
C. સીધી આવક
D. વિવિધ દેવાદારો

32. નવા ખાતામાં જૂના હિસાબમાંથી આગળ લાવવામાં આવેલી રકમ ક્યાં દાખલ થાય છે?

A. અંતિમ સિલકમાં
B. નોંધના વર્ણનમાં
C. ખર્ચકેન્દ્રમાં
D. પ્રારંભિક સિલકમાં

33. વ્યવહાર નોંધતી વખતે જરૂરી નવું ખાતું તરત બનાવવાની સુવિધાને શું કહેવાય?

A. ખાતાનું આપમેળે વિભાજન
B. નોંધનું આપમેળે સમાયોજન
C. વ્યવહાર દરમિયાન ખાતું બનાવવું
D. કંપનીનું આપમેળે પુનઃસ્થાપન

34. કંપનીના તમામ સમૂહો અને ખાતાંની ગોઠવેલી યાદી ક્યાં જોવા મળે છે?

A. ખાતાંનું માળખું
B. જથ્થા સારાંશ
C. રોજમેળ
D. રોકડ પ્રવાહપત્ર

35. મુખ્ય સમૂહની નીચે બનાવવામાં આવેલ સમૂહને શું કહેવાય?

A. ખર્ચવર્ગ
B. પેટા સમૂહ
C. નોંધ સમૂહ
D. જથ્થા પ્રકાર

36. ટેલીપ્રાઇમમાં હિસાબી વ્યવહાર દાખલ કરવા માટે વપરાતું પૂર્વનિર્ધારિત સ્વરૂપ શું કહેવાય?

A. નોંધનો પ્રકાર
B. ખાતાંનું માળખું
C. ખર્ચકેન્દ્ર
D. જથ્થા સમૂહ

37. રોકડમાંથી બેન્કમાં રકમ જમા કરાવવાનો વ્યવહાર કઈ નોંધમાં દાખલ થાય છે?

A. પ્રાપ્તિ નોંધ
B. ચુકવણી નોંધ
C. રોકડ-બેન્ક ફેરબદલી નોંધ
D. રોજમેળ નોંધ

LAKSHYAM ACADEMY
સંકલ્પ થી સફળતા સુધી

66 AUDITING -1

TOTAL QUESTION : 100

01. ઓડિટનો સૌથી યોગ્ય અર્થ કયો છે?
A. રોજિંદા વ્યવહારોની ખાતાવહીમાં નોંધ કરવી
B. હિસાબી માહિતીની સ્વતંત્ર રીતે તપાસ કરવી
C. વર્ષના અંતે તમામ ખાતાં બંધ કરવાં
D. વ્યવસાયના નફાની અગાઉથી ગણતરી કરવી

02. નાણાકીય હિસાબોના ઓડિટનો મુખ્ય હેતુ કયો છે?
A. સંસ્થાનો નફો વધારવા માટે સલાહ આપવી
B. તમામ પ્રકારની છેતરપિંડી શોધી કાઢવી
C. હિસાબી ચોપડાઓ ફરીથી તૈયાર કરવી
D. નાણાકીય હિસાબો અંગે અભિપ્રાય આપવો

03. નાણાકીય હિસાબો તૈયાર કરવાની પ્રાથમિક જવાબદારી કોની છે?
A. સંસ્થાના મેનેજમેન્ટની
B. સંસ્થાના ઓડિટરની
C. સંસ્થાના શેરધારકોની
D. સંબંધિત સરકારી વિભાગની

04. ઓડિટ સામાન્ય રીતે કયા પ્રકારની ખાતરી આપે છે?
A. સંપૂર્ણ અને નિશ્ચિત ખાતરી
B. મર્યાદિત અને શરતી ખાતરી
C. વાજબી પરંતુ સંપૂર્ણ નહીં એવી ખાતરી
D. ભવિષ્યના નફાની ખાતરી

05. ઓડિટરના અભિપ્રાયનો મુખ્ય આધાર કયો છે?
A. મેનેજમેન્ટની મૌખિક માહિતી
B. અગાઉના વર્ષનો ઓડિટ રિપોર્ટ
C. પૂરતા અને યોગ્ય ઓડિટ પુરાવા
D. સંસ્થાની બજારમાં પ્રતિષ્ઠા

06. અસરકારક ઓડિટ માટે સૌથી જરૂરી ગુણ કયો છે?
A. ઓડિટરની સ્વતંત્રતા
B. મેનેજમેન્ટ સાથે સહમતી
C. હિસાબો તૈયાર કરવાની આવડત
D. વ્યવસાયમાં સીધી ભાગીદારી

07. ઓડિટરનું ધ્યાન મુખ્યત્વે શેના જોખમ પર રહે છે?
A. કર્મચારીઓની સંખ્યા ઘટવા પર
B. બજારનો હિસ્સો ઓછો થવા પર
C. ભવિષ્યમાં વેચાણ ઘટવા પર
D. મહત્વની ખોટી રજૂઆત થવા પર

08. ઓડિટ અંગે નીચેનામાંથી કયું વિધાન યોગ્ય છે?
A. ઓડિટથી તમામ ભૂલો શોધવાની ખાતરી મળે છે
B. ઓડિટ ભવિષ્યના નફાની ખાતરી આપતું નથી
C. ઓડિટ પછી ઇન્ટરનલ કન્ટ્રોલની જરૂર રહેતી નથી
D. ઓડિટર જ નાણાકીય હિસાબો તૈયાર કરે છે

09. પ્રોફેશનલ સ્કેપ્ટિસિઝમનો અર્થ શું થાય છે?
A. સવાલ ઉઠાવતી દૃષ્ટિ સાથે પુરાવાનું મૂલ્યાંકન
B. મેનેજમેન્ટની દરેક માહિતીનો અસ્વીકાર
C. દરેક કર્મચારીને શંકાની નજરે જોવો
D. ફક્ત બહારથી મળેલા પુરાવા સ્વીકારવા

10. ઓડિટમાં 'મહત્ત્વપૂર્ણતા'નો અર્થ શું છે?
A. દરેક વ્યવહારની સરખી તપાસ
B. માત્ર મોટી રકમના વ્યવહારની તપાસ
C. નિર્ણયને અસર કરે તેવી ભૂલનું મહત્ત્વ
D. મેનેજમેન્ટ નક્કી કરે તેવી તપાસ-મર્યાદા

11. ઓડિટનો વિસ્તાર સામાન્ય રીતે શાના આધારે નક્કી થાય છે?
A. માત્ર સંસ્થાના વાર્ષિક નફાના આધારે
B. કાયદા, કામની શરતો અને જોખમના આધારે
C. ફક્ત ઓડિટરને ઉપલબ્ધ સમયના આધારે
D. સંસ્થાના કર્મચારીઓની સંખ્યાના આધારે

12. ઓડિટ પુરાવા સામાન્ય રીતે કેવા હોય છે?
A. દરેક બાબતમાં સંપૂર્ણ અને અંતિમ
B. માત્ર દસ્તાવેજી સ્વરૂપમાં સ્વીકાર્ય
C. મેનેજમેન્ટના નિવેદન જેટલા વિશ્વસનીય
D. નિર્ણાયક કરતાં સમજાવનારા વધુ હોય છે

13. 'ભૂલ'ની મુખ્ય વિશેષતા કઈ છે?
A. તે હંમેશાં નાણાકીય નુકસાન કરે છે
B. તે માત્ર રોકડ વ્યવહારમાં થાય છે
C. તે મેનેજમેન્ટ દ્વારા જ થાય છે
D. તેમાં સામાન્ય રીતે ઇરાદાપૂર્વકનું કૃત્ય હોતું નથી

14. 'છેતરપિંડી'ને ભૂલથી અલગ કરતી બાબત કઈ છે?
A. વ્યવહારની રકમ
B. ઇરાદાપૂર્વક કરવામાં આવેલું કૃત્ય
C. હિસાબી સમયગાળો
D. પુરાવાની ઉપલબ્ધતા

15. છેતરપિંડી અટકાવવાની પ્રાથમિક જવાબદારી કોની છે?
A. મેનેજમેન્ટ અને સંચાલનની જવાબદારી ધરાવતા લોકોની
B. ફક્ત કાયદેસર ઓડિટરની
C. ફક્ત ઇન્ટરનલ ઓડિટરની
D. સરકારના તપાસ વિભાગની

LAKSHYAM ACADEMY — સંકલ્પ થી સફળતા સુધી